ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૭ || જુલાઈ ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૭

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

# ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (બી.બી.આઈ.ટી.)



- અદ્યતન સુવિધાયુક્ત સંકુલ
- પૂરતી શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી અધ્યાપકો
- સતત આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ
- નિયમિત ગાઈડન્સ અને કાઉન્સેલિંગ
- સંશોધન, સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે જરૂરી સુવિધાઓ
- પ્રતિવર્ષ ટેકનિકલ અને નોન ટેકનિકલ સ્પર્ધાઓ
- વ્યક્તિત્વ વિકાસ અને રમતગમતની પ્રવૃત્તિ પર પૂરતું ધ્યાન
- નિયમિત કેમ્પસ ઈન્ટરવ્યુ

(વધુ વિગત માટે જુઓ પાન નં.૧૭)




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ - ૨૦૨૧

વર્ષ: ૨૩ અંક: ૭

સળંગ અંક: ૫૯૭

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।



તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય

વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ્ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ સહમંત્રીઓ

• શ્રી મેહુલ ડી. પટેલ

• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**कर्ण सु योग्यं नवकर्णिकारं चलेषु नीलेष्वलकेष्वशोकम् ।।**
**पुष्पंचफुल्लंनवमल्लिकायाःप्रयान्तिकान्तिंप्रमदाजनानाम्।।६।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

इस क्रतु में युवतियों के कानों में नूतन कनैल के फूल के गहने, चंचल काली अलकों में लगे हुए अशोक के फूल प्रफुल्लित चमेली के फूलों की प्रभा के समान मालूम होते हैं ।।६।।

श्लोक-६, षष्ठः सर्ग (वसन्तवर्णनम्)


।। અતીતની અટારીએથી ।। પી. સી. વૈદ્ય સાહેબની વસંતઋતુ
**» અરુણ મ. વૈદ્ય ..........૩**

।। પ્રાથમ્ય ।। સંકટ નિવારણ યોગ
**» એસ.જી.પટેલ..........૬**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» તોરલ, માધવસાહેબ, ગરીબદાસ, રામૈયો ..........૯**

।। નવાં કાવ્યો ।।
**» પિનાકિની પંડ્યા, પરબતકુમાર નાયી 'દર્દ', ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ', પ્રકાશચંદ્ર જે. બ્રહ્મભટ્ટ ..........૧૦**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ)
એક કલાક અધ્યયન માટે
**» વિનોબા ભાવે..........૧૨**

।। નિબંધ ।। રાણીની બહેનો
**» હરીશ મહુવાકર..........૧૩**

।। લઘુકથા ।। અદા
**» દુર્ગેશ ઓઝા..........૧૬**

।। સંસ્થા પરિચય ।। ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી
**» ડૉ.કે.એમ. મકવાણા ..........૧૭**

।। ચિંતન ।। જીવનમાં પ્રભાવદાયીઃ સોબત
**» ઈશ્વરભાઈ વાઘેલા..........૨૦**

।। વાર્તા ।। દુષ્કાળ બલિ
**» પ્રવીણ ગઢવી ..........૨૨**

।। આયુર્વેદ ।। વર્ષાઋતુ આહારવિધિ
**» કુંદન ચૌધરી, ગાયત્રી ગંધે, દક્ષા રાઠોડ ..........૨૯**

।। સંસ્મરણ ।। સાયકલ દિવસ મુબારક!
**» વિજય ભટ્ટ ..........૩૨**

।। રમતજગત ।। ટેનિસ સામ્રાજ્ઞીઃ સ્ટેફી ગ્રાફ
**» ઈશ્વરભાઈ વાઘેલા..........૩૪**

।। વિદ્યાવૃત્ત ।।
**» ૮, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૩૧, ૩૩, ૩૬**




ISSN 0976 – 9609

# પી. સી. વૈદ્ય સાહેબની વસંતઋતુ

અરુણ મ. વૈદ્ય

મારા સક્રિય જીવન દરમિયાન મેં ભારતમાં ત્રણ નગરો શૂન્યથી શરૂ કરીને નવા બનેલા જોયા છે. વલ્લભ વિદ્યાનગર, ચંડીગઢ અને ગાંધીનગર. આ પૈકી ચંડીગઢ અને ગાંધીનગર સરકારી પૈસે અને તેથી લખલૂટ ખર્ચે, સરકારી વટહુકમોથી ખાલી કરાવાયેલી જમીનો ઉપર, દેશ અને વિદેશના પ્રખ્યાત અને મોંઘા સ્થપતિઓની મદદથી બનેલી આલીશાન ઇમારતોવાળી અને ખૂબ પહોળા રસ્તાવાળી પણ બન્યા પછી પચાસ-સાઠ વર્ષો પછી પણ હજી ખાલી લાગતી નગરીઓ છે. પણ વિદ્યાનગર સરકારની સાવ બહાર બેઠેલ બે પુરુષાર્થી ભાઈઓએ ઊભું કરેલું નગર છે. એમની પાસે યોજનાઓ હતી, વ્યવહારુ બુદ્ધિ હતી, દેશના લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને આશીર્વાદ પણ હતાં, પરંતુ સરકારી નાણાં ન હતાં. એમનો ઉદ્દેશ પણ મર્યાદિત હતો. તેમને તો વિદ્યાઓનું ધામ હોય તેવું નગર વસાવવું હતું. ચરોતર પ્રદેશના પરાક્રમી અને બુદ્ધિશાળી યુવાનોને વિદ્યાવાન બનાવી તેમના પુરુષાર્થને યોગ્ય દિશા આપવાનો આ બે પુરુષોનો અભિક્રમ હતો.

વી.પી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ માટે ગણિતના વ્યાખ્યાતા માટેની જાહેર ખબર એપ્રિલમાં આવી અને વૈદ્યસાહેબે તેને માટે અરજી કરી. ત્યાંથી તરત જ સીધો નિમણૂકનો પત્ર મળ્યો, અન્ય કૉલેજો આપતી હતી તેના કરતાં વધુ પગાર અહીં મળતા હતા. વૈદ્યસાહેબને મહિને ૪૦૦ના પગાર સાથે નોકરી મળતી હતી. વળી વિદ્યાનગર આવીને વાતાવરણ જોઈ જવાનું આમંત્રણ પણ હતું. સાહેબ ત્યાં ગયા અને ભાઈલાલભાઈ તથા ભીખાભાઈ શૂન્યમાંથી જે ગામનું સર્જન કરતા હતા તે બધું તેમને ખૂબ ગમ્યું. પણ સાહેબ મુંબઈમાં ઘરના 'દાઝેલા' હતા એટલે તેમણે 'વિદ્યાનગરમાં મકાન આપો' તેવી માગણી કરી. તે વખતે વિદ્યાનગરના ઘણા અધ્યાપકો આણંદમાં રહી વિદ્યાનગર આવ-જા કરતા હતા પણ વૈદ્યસાહેબે તો વિદ્યાનગરમાં જ રહેવાનો નિર્ધાર કર્યો હતો. એ વખતે શાળા, કૉલેજો, રહેઠાણો, બજારમાં દુકાનો વગેરેનું બાંધકામ બધે ચાલતું જ હતું. બજારની દુકાનો પર એક રૂમ-રસોડાવાળા રહેઠાણો પણ યોજનામાં હતા. એટલે એ 'શૉપ બ્લોક'ની ઉપરનું એક રહેઠાણ તેમને આપવામાં આવ્યું. આમ વૈદ્યસાહેબનું વિદ્યાનગર આવવાનું નિશ્ચિત થઈ ગયું. શોપ બ્લોક પણ હજી બંધાઈ રહ્યા હતા. તેથી શરૂઆતમાં કામચલાઉ હોસ્ટેલના છેવાડાના બે રૂમમાં થોડો વખત રહેવાનું હતું.

જૂન, ૧૯૪૮ના બીજા સપ્તાહમાં વૈદ્યસાહેબ પહેલા સૂરત ગયા, ત્યાં ઘર તેના માલિકને સોંપી સામાન બધો વિદ્યાનગર રવાના કરી તેઓ પોતે ત્યાં ૧૭મીએ પહોંચ્યા અને ત્યાં વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે જોડાઈ ગયા.

આ આર્ટસ અને સાયન્સ કૉલેજ એક નાનકડી ટેકરી પરના વિશાળ મકાનમાં આવેલી હતી.

કૉલેજ શરૂ થઈ ત્યારે તો તેના ભોંયતળિયાનો માળ જ તૈયાર હતો. ઉપરના માળોનું બાંધકામ હજી ચાલુ હતું.

આ કૉલેજમાં અન્ય કૉલેજો કરતાં પ્રાધ્યાપકોને ઘણો વધુ પગાર આપવામાં આવ્યો હતો એટલે તેને કેટલાક ખૂબ વિદ્વાન પ્રાધ્યાપકો શરૂથી જ મળ્યા હતા. વિજ્ઞાનની જ વાત કરીએ તો ગણિતમાં વૈદ્ય સાહેબ હતા, ભૌતિકશાસ્ત્રમાં પ્રા.એ.આર. પટેલ હતા અને રસાયણશાસ્ત્રમાં પ્રા.આર.ડી. પટેલ હતા. આ બધા ઉત્તમ કોટિના પ્રાધ્યાપકો હતા અને જ્યારે ગુજરાતની યુનિવર્સિટીઓમાં જુદા જુદા વિષયોમાં અનુસ્નાતક વિભાગો શરૂ થયા ત્યારે આ ત્રણે વિદ્વાનો પોતપોતાના વિષયોના વિભાગોના વડા અને પ્રાધ્યાપકો બન્યા અને સંશોધનની એક ઉત્તમ પ્રણાલિકા સ્થાપી.

ચારુતર વિદ્યામંડળે આ કૉલેજ સ્થાપનાનો નિર્ણય કર્યો, તેનું વિશાળ ભવન બાંધ્યું, ખૂબ સમૃદ્ધ પ્રયોગશાળાઓ અને પુસ્તકાલય બનાવ્યાં અને પ્રાધ્યાપકોને ઊંચા પગારથી રોક્યા ત્યારે તેમના મનમાં કયા સમીકરણો હશે તે સામાન્ય બુદ્ધિમાં આવે તેમ ન હતું. આમ જુઓ તો એ વખતે વિદ્યાનગરથી ૫૦ કિમી કરતાં ઓછા અંતરે ઓછામાં ઓછી ત્રણ આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજો હતી જ. વડોદરામાં તો યુનિવર્સિટીની ગરજ સારે તેવી સમૃદ્ધ કૉલેજ હતી. તેથી આ બધા વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ વિદ્યાનગર સુધી અભ્યાસ કરવા આવે તે બહુ સંભવિત નહોતું. જે થોડા વિદ્યાર્થીઓ આણંદ તાલુકામાંથી આવે તેમના પર આવી મહત્ત્વાકાંક્ષી કૉલેજનું અર્થકારણ કેવી રીતે ચાલે તે પ્રશ્ન જરૂર કરી શકાય. ખાસ તો આવી સ્થિતિમાં પ્રાધ્યાપકોને અતિ ઉદાર પગારો આપવાનું કેવી રીતે પોષાય તેવો સવાલ ઊભો થાય જ.

વિદ્યાનગરના સ્થાપકો આ બધી વાતોથી અજાણ નહોતા જ. પણ તેમની દૃષ્ટિ દૂરની હતી અને સંકલ્પબળ જબરું હતું. તેમને ખ્યાલ હશે જ કે શરૂઆતના થોડાક વર્ષ આર્થિક મુશ્કેલીઓ પડવાની છે. પણ જેમ જેમ કૉલેજની ગુણવત્તા સ્થપાતી જશે તેમ તેમ વિદ્યાર્થીઓ દૂર દૂરથી આકર્ષાઈને આવવાના જ છે.

હકીકતમાં એમ જ થયું. પહેલા ચાર-પાંચ વર્ષ મુશ્કેલ ગયા. અધ્યાપકોને અનેક મહિનાઓ સુધી પગાર ન આપી શકાય એવી સ્થિતિ થઈ. પણ મંડળના મોવડીઓએ ગામના કરિયાણાના અને અન્ય વેપારીઓને ધીરજ રાખવા અને અધ્યાપકોને ઉધાર આપવા વિનંતી કરી, વિદ્યાર્થી ઓની સત્ર ફી આવશે ત્યારે બધાને બાકી પગાર મળશે અને વેપારીઓની ઉધારી પણ ચૂકવાઈ જશે એવી ધરપત આપી. આમ ગામમાં સૌના સહકારથી બે-ત્રણ વર્ષ નીકળી ગયા. એટલા સમયમાં તો કોલેજોની પ્રતિષ્ઠા એવી જામી ગઈ કે નડિયાદ, પેટલાદ તો શું પણ વિદ્યાર્થીઓ ગોધરા, સુરેન્દ્રનગર, રાજકોટ, વેરાવળ બધેથી આવવા લાગ્યા. ગામની વસતિ અને આબાદી વધવા લાગ્યા અને ગામ સ્થપાયા પછી પાંચ-સાત વર્ષમાં જ આર્થિક રીતે પગભર અને (વેકેશન સિવાય) લોકોથી હર્યુંભર્યું થઈ ગયું.


ISSN 0976 – 9609

વિદ્યાનગરમાં સંસ્થાઓનાં મકાનો અને શિક્ષકો-અધ્યાપકોના રહેઠાણો તો બનવા માંડ્યા અને બન્યા. પણ રસ્તા કોણ બનાવે? ગામના બે-ત્રણ મુખ્ય માર્ગો માટે ભાઈકાકા અને ભીખાભાઈએ સરસ ઉપાય વિચાર્યો. દેશના નાયબ વડાપ્રધાન સરદાર પટેલના તેમના પર ચારે હાથ હતા એટલે તેમની ઓળખાણથી ભારતની સરકારના મુખ્ય બંધારણીય વડાઓને સંસ્થાઓના ઉદ્‌ઘાટન માટે બોલાવાયા. આ રીતે વડાપ્રધાન જવાહરલાલ નહેરુ ૧૨ ફેબ્રુઆરી, ૧૯૪૮ના દિવસે વિદ્યાનગર આવ્યા હતા અને હજી અધૂરી બંધાયેલી વી.પી. કોલેજની મુલાકાત લીધી હતી. છત વગરની પ્રયોગશાળાઓ અને વર્ગો જોઈને તેઓ લોકોના ઉત્સાહથી ખૂબ ખુશ થયા હતા. તેમની મુલાકાતને કારણે આણંદ-ખંભાત હાઈવેથી માંડીને વિદ્યાનગર સુધીના માર્ગ તથા તેઓ ગામમાં જ્યાં જ્યાં ગયા તે બધા રસ્તા બરાબર પાકા કરી નાખવામાં આવ્યા હતા. એ જ પ્રમાણે તે જ વર્ષમાં મોડેથી એન્જિનિયરિંગ કોલેજના ઉદ્‌ઘાટન માટે ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટન આવ્યા તથા કોમર્સ કોલેજના ખાતમુહૂર્ત માટે રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ અને એમ બધા રસ્તા સરકારી ખર્ચે ડામરના થઈ ગયા.

બાકીના રસ્તાઓ માટે વૈદ્યસાહેબ અને અન્યોએ વિદ્યાર્થીઓના શિબિર યોજ્યા. રસ્તાઓ થોડા ખોદી નાખવા, તેમાં ઈંટોનો ભૂકો પાથરવો. તેને રોલર ફેરવી સપાટ કરવો, પાણી નાખવું એ બધું કામ વિદ્યાર્થીઓએ વૈદ્યસાહેબની નેતાગીરીમાં હોંશે હોંશે કર્યું અને એમ નજીવા ખર્ચમાં ગામના રસ્તાઓ તૈયાર થઈ ગયા.

આવી બધી પ્રવૃત્તિઓથી વૈદ્યસાહેબ કેવળ પોતાના જ નહીં પણ વિદ્યાનગરના અન્ય વિદ્યાર્થીઓ અને અન્ય રહેવાસીઓ માટે પણ જાણીતા અને માનીતા બની ગયા.

આખા ગામમાં તરેહ તરેહની સર્જકપ્રક્રિયાઓ ચાલતી હોય ત્યારે વૈદ્યસાહેબની ગાણિતિક સર્જકતા પણ ખીલી જ ઊઠે તે કુદરતી છે. તેમણે બે-ત્રણ વર્ષ પહેલા જ પોતાની પીએચ.ડી.ની થીસિસનો મુસદ્દો તો તૈયાર કર્યો હતો. હવે એમણે તેને પાકું સ્વરૂપ આપવાનું શરૂ કર્યું. છેલ્લા બે-ત્રણ વર્ષમાં વિશ્વમાં થયેલા (અને પોતે કરેલા) કામના સંદર્ભમાં થીસિસને ટાઈપ કરાવી.

વૈદ્યસાહેબ વિદ્યાનગર સાડાસાત વર્ષ રહ્યા (જૂન, ૧૯૪૮થી ઓક્ટોબર, ૧૯૫૫). તેમના સમગ્ર જીવન માટે આ ગાળો વૈદ્યસાહેબની વસંતઋતુ હતી તેમ કહી શકાય. તે ગાળામાં તેમની બધી જ શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠી, તેમની કીર્તિ પણ ચરમ સીમાએ પહોંચી, તેમના ચરિત્રના ઘણાં બધાં પાસાં હતાં. અને તે સૌનો સમાજને ઘણો બધો લાભ મળ્યો. તેમના સંશોધક, વ્યાખ્યાતા, પિતા, શિક્ષક, વિચારક, ખેલ-સમાજના એક નેતા, ઉત્તમ સાહિત્યના વાચક એમ અનેક પાસાં વિદ્યાનગરે ઉજાગર કર્યા.

---

- 'સંકલિત અંશો' - 'આપણી મોંઘેરી ધરોહર'માંથી સાભાર

## સંકટ નિવારણ યોગ

એસ.જી. પટેલ

સને ૨૦૨૧ના મે માસમાં સર્જાયેલ તૌકતે વાવાઝોડાએ અરબી સમુદ્ર પરથી આગળ વધતાં ગુજરાતના દરિયાકાંઠા ઉપરાંત લગભગ અડધા ગુજરાતને ભયાનક રીતે ઘમરોળ્યું હતું. અઢારમી મેના દિવસે આણંદ વિસ્તારમાં લગભગ સાડાત્રણ ઈંચ વરસાદ અને વાવાઝોડાથી અનેક વૃક્ષો તેમજ વીજળીનાં થાંભલા ધરાશાયી થયા હતા. મારા ઘર સામેના ખુલ્લા પ્લોટમાં અમારો સહિયારો વૃક્ષઉછેરનો પ્રોજેક્ટ ચાલે છે. ભરબપોરે ધોધમાર વરસાદ અને ઝંઝાવાતી પવનના મારથી ગત ચોમાસામાં રોપેલા વૃક્ષો આડા પડી ગયા. હું ને મારા પાડોશીએ કટોકટી કાળમાં વૃક્ષ બચાવવા અડધો કલાક સંઘર્ષ વેઠ્યો. છેવટે નિરાશ થઈ વૃક્ષોને ભગવાન ભરોસે છોડી દીધા. સદ્‌ભાગ્યે એ વૃક્ષો અસહ્ય પ્રહાર વચ્ચે જીવતા રહ્યા અને વધારે મજબૂત ટેકા સાથે અમે એમને પુનઃ કિલકિલાટ કરતા જોઈ રહ્યા તેની સહજ ખુશી છે.

છેલ્લા દોઢેક વર્ષમાં વૈશ્વિક મહામારી કોવિડ-૧૯એ સમગ્ર વિશ્વને હચમચાવી દીધું. તેની પહેલી લહેર કરતાં બીજી લહેર વધારે ઘાતક અને વસમી પુરવાર થઈ. ભારત માટે એપ્રિલ-૨૧નો સમય અત્યંત વિઘાતક બન્યો. આ સમયમાં વાંચવાનું કે ટીવી જોવાનું મન જ નહોતું થતું. લખવાની પણ આળસ વધી ગઈ. સરકારશ્રી તરફથી દર અઠવાડિયે એક-એક કરતાં ચઢિયાતી કડક માર્ગદર્શિકાઓ જાહેર થવા લાગી. દવાખાનાઓમાં ઠેર ઠેર Housefulનાં પાટિયાં લગાવવા પડ્યાં. દર્દીઓની સારવાર માટે જરૂરી પલંગ, ઓક્સિજન અને રેમડીસીવિર જેવી દવાઓના કાળાબજાર થતા. આવા સતત પીડાજનક સમાચારોથી સાજા માણસોને પણ ‘કમ્પેશન ફટિંગ’ (કરુણા થાક) વધી ગયો. છેલ્લા બે-ત્રણ મહિનામાં દર્દીઓ, સ્વજનો અને મિત્રોની હાલત જોઈને, એક અજીબ પ્રકારની બેચેની રહ્યા કરતી, અજંપો રહેતો. દરેક સવારે આપણા પરિચિત હોય એવા એકાદ સ્વજનના મૃત્યુના સમાચાર તો આવ્યા જ હોય!! બિનપરિચિતોની મૃત્યુસંખ્યા દરરોજ વધતી જતી હતી. ઝાડ પરથી બોર પડે, એમ ટપોટપ ખરી પડતા પરિચિતોના સમાચાર સાંભળીને જીવન પરથી ભરોસો ઊઠી ગયેલો. યુદ્ધ-મેદાનમાં ચારે તરફ ફેલાયેલ લાશો જોઈને, ક્યારેક આપણે બચી ગયાનો અફસોસ થાય એવા હાલ આપણા થયા હતા. શહેરોના સ્મશાનગૃહોમાં શબોને લાઈનમાં રાખવા પડ્યા, કેટલીક જગ્યાએ તો સામૂહિક અગ્નિસંસ્કાર અને કો'ક સ્થળે તો લાશો નદીમાં વહેતી મૂકાઈ!! આવા સંજોગોમાં એમના મૃત્યુ કરતાં, આપણા જીવતા હોવાનો ખરખરો કરવાનું મન થાય એવી લાગણી બળવત્તર થવા લાગી.

દૈનિક છાપાંમાં પાનાં ભરીને આવતી શ્રદ્ધાંજલીઓ, સ્મશાનમાં જામેલી ભીડ અને Social Distancingનો ખ્યાલ રાખ્યા વગર આજુબાજુનાં સૂતેલા મૃતદેહોને જોઈને એક સવાલ સતત થયા કરતો કે, ‘આપણે શું કામ જીવીએ છીએ?’ આ સવાલનો જવાબ ત્યારે જાણવા મળ્યો જ્યારે વાવાઝોડાને કારણે પડી ગયેલા ઝાડના ખાડામાં એક વૃદ્ધને વૃક્ષારોપણ કરતા જોયા. ઘરથી દૂર સડકના કિનારે આવેલ કોઈ બિનવારસી જગ્યા પર ઉનાળાના તડકામાં એ વડીલ છાંયો વાવી રહ્યા હતા. હું થોડીવારમાં ત્યાં પહોંચી ગયો. વાવાઝોડાથી થયેલી તારાજી પર જીવ બાળવાના બદલે એ વડીલ પૂરી શ્રદ્ધાથી એક નવો જીવ ઉછેરી રહ્યા હતા. વિનાશક ભૂતકાળને ભૂલી તેઓ જે ખંત, પ્રેમ અને ઉત્સાહથી કામ કરી રહ્યા હતા, એના પરથી


ISSN 0976 – 9609

એટલું તો સમજાયું કે તેમને જગતની સર્જનાત્મક શક્તિઓમાં વિશ્વાસ છે.

આ ઘટના પછીના થોડાક દિવસો પછી એક દિવસ હોસ્પિટલમાં Regular Check-up નિમિત્તે જવાનું થયું. તે ક્લિનિકના વેઈટિંગ રૂમમાં એક યુગલ દાક્તરની મુલાકાત માટે તેમનો વારો આવે તેની રાહ જોઈ બેઠેલું હતું. એમની સાથેના વાર્તાલાપ પરથી જાણવા મળ્યું કે પત્ની એટલે કે 'Future Mother'એ કોવિડમાં પોતાનાં માબાપ ગુમાવી દીધેલા. માબાપના શોકને પાછળ મૂકીને, તેઓ એક નવા જીવનું સર્જન કરવા જઈ રહ્યા હતા.

આ બંને ઘટનાઓ જોયા પછી એટલું તો સમજાયું કે કુદરતની ક્રૂરતાનો જવાબ આપવાની આ જ શ્રેષ્ઠ રીત છે. વાવાઝોડું હોય કે કોવિડ, જો એનું કામ અત્યારે ઉજાડવાનું હોય તો આપણી જવાબદારી ઉગાડવાની છે. એક કહેવત છે કે, 'વિસ્તરી રહેલા વન કરતાં, એક ઝાડનું પડવું વધારે અવાજ કરે છે.' ફૂલ છોડ ઊગવાનો અવાજ નથી થતો, બોમ્બ ફૂટવાનો અવાજ થાય છે. કોઈ સ્ત્રી ગર્ભ ધારણ કરે ત્યારે અવાજ નથી થતો, પણ કોઈ મૃત્યુ પામે ત્યારે ચીસો સંભળાય છે. આ જગતમાં જેટલું વિકસી અને વિસ્તરી રહ્યું છે, એ બધું જ શાંત છે. અવાજ એ જ પ્રવૃત્તિઓ કરે છે, જે વિનાશકારી છે. આ જગતમાં રહેલા સર્જનાત્મક લોકો, કલાકારો, સજ્જનો અને સદ્‌ગૃહસ્થો મૌન છે અને વિનાશક વૃત્તિઓ વાચાળ. પણ આ જગતની સાર્થકતા એના ઘોંઘાટથી નહીં, પણ એના મૌનથી નક્કી થાય છે. સોશ્યલ મીડિયા હોય કે ન્યુઝ ચેનલ, એ બધા ઝાડ પડવાના અવાજો (પ્રતીકો) છે. માનવતાનું મૂલ્યાંકન એ અવાજો નક્કી નહીં કરે. એ મારું અને તમારું મૌન નક્કી કરશે, કારણ કે વિસ્તરી રહેલું વન હંમેશાં શાંત જ હોય છે.

વર્તમાન વિશ્વમાં ચાલી રહેલા કારસ્તાનો, કૌભાંડો, દુર્ઘટનાઓ અને કરુણતાઓથી આ જગત અનેકગણું વિશાળ અને વધારે સુંદર છે. આ સુંદરતા અવાજ નથી કરતી. ક્યાંક ફૂલને વળગેલું ઝાકળનું ટીપું શરમાયું હશે, તો ક્યાંક કોઈ બાળક ચાલતાં શીખ્યું હશે. કોઈ સંસ્થાએ નિરાશ્રિતોને આશરો આપ્યો હશે, તો ક્યાંક ગુપ્તદાન કરનારા મૂછમાં મલકાયા હશે. કોઈએ વૃક્ષારોપણ કર્યું હશે તો કોઈએ પરોપકાર. આ બધું જ વિસ્તરી રહેલું વન છે. કરુણા મૂંગા મોઢે કાર્ય કરે છે અને નફરત ચીસો પાડીને. નકારાત્મક્તા અને નિરાશાથી જ્યારે મન ઘેરાઈ જાય, ત્યારે આસપાસ રહેલા વૃક્ષોનો અવાજ સાંભળવો. તેઓ ચુપચાપ વૃદ્ધિ પામી રહ્યા છે, સાથે આપણો અંતરાત્મા પણ.

એક વાર્તા દ્વારા ઉપરોક્ત વિચારસાગર મંથનનું સમર્થન જોઈએ. એક રાજા પાસે ઘણા હાથી હતા, પણ તે પૈકી એક હાથી ઘણો શક્તિશાળી, આજ્ઞાંકિત, સંવેદનશીલ અને યુદ્ધક્ષેત્રે લડવાના શ્રેષ્ઠ કૌશલ્યો ધરાવતો હતો. ઘણાબધા યુદ્ધોમાં તેને સંગ્રામસ્થળે મોકલવામાં આવ્યો હતો અને તે હંમેશાં રાજાની વિજયપતાકા લહેરાવવામાં નિમિત્ત બન્યો હતો. તેથી તે રાજાનો અતિ પ્રિય હાથી ગણાતો. સમયના વહેણ સાથે અમુક વર્ષો પછી હાથી વૃદ્ધ થયો. હવે તેનામાં જુવાનીમાં હતી તેવી કાર્યક્ષમતા નહોતી. પરિણામે રાજા હવે તેને રણભૂમિમાં મોકલતા નથી, છતાં તેને સેનાનો એક ભાગ ગણવામાં આવ્યો.

તે હાથી એક દિવસ પાણી પીવા સરોવરના કિનારે ગયો. ત્યાં તેના પગ કાદવમાં ખૂંપી ગયા. જેમ તેણે બહાર નીકળવા હલચલ કરી એમ એ વધારે ને વધારે ઊંડો ખૂંપવા લાગ્યો. હાથીની ચીસો સાંભળી આજુબાજુના લોકોનું ટોળું ત્યાં ભેગું થઈ ગયું. આ સમાચાર ટૂંક સમયમાં જ રાજા સુધી પહોંચી ગયા. રાજા ઘટના સ્થળે આવી પહોંચ્યા. બધા લોકોએ રાજા

સાથે મળી હાથીને કાદવમાંથી કાઢવા ઘણી કોશિશ કરી, પણ જેટલા પ્રયત્નો વધ્યા એમ હાથી વધારે ને વધારે ઊંડો ઊતરતો ગયો.

આ પ્રસંગે ગૌતમ બુદ્ધ આ ઘટના સ્થળ નજીકના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. તેમણે ધ્યાનપૂર્વક સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું અને પછી ધીમેથી રાજાને સૂચન કર્યું કે આ સરોવરની પાળ પર યુદ્ધનાં નગારાં જોરથી વગાડાવો. સાંભળનારા સૌને આશ્ચર્ય થયું કે કાદવમાં ફસાઈ ગયેલો હાથી ઢોલ-નગારાં વગાડવાથી કેવી રીતે બહાર નીકળશે? જેમ જેમ ઢોલ-નગારાં વાગતા ગયા, તેનો તાલ અને અવાજ વધવા લાગ્યો, એમ ફસાઈ ગયેલા હાથીના મુખ પરના હાવભાવ બદલાવા લાગ્યા. પહેલા તો હાથી પોતે જ સતેજ થઈ ઊભો થવા લાગ્યો અને પછીથી પોતાની જ તાકાત પર કાદવમાંથી બહાર નીકળી ગયો. બધાને આશ્ચર્ય સાથે આનંદ થયો. ગૌતમ બુદ્ધે બધાને સમજાવ્યું કે ફસાઈ ગયેલા હાથીમાં શારીરિક શક્તિની ઊણપ નહોતી, માત્ર તેનામાં ઉત્સાહ ભરવાની જ જરૂર હતી. માનવજીવનમાં પણ ઉત્સાહ જાળવી રાખવા માટે જરૂરી છે વિધાયક ચિંતન, નહીં કે હતાશાની સવારી.

આજના કયામતના સમયમાં આપણામાં ઉત્સાહ/પ્રેમ સચવાઈ રહે અને આસપાસના માનવ સમુદાયમાં ઉમંગભેર આશાવાદ બળવત્તર બનતો રહે એમાં જ સર્વનું કલ્યાણ છે. તે માટે જે કંઈ કરવું પડે તે કરીએ, જેથી આવનારા દિવસોમાં સુખ-શાંતિ અને આનંદ-વિભોર બનીએ. કોઈક કવિએ સરસ કહ્યું છે-

*ચાલ એક આંટો બહાર મારી આવીએ,*
*બંધનોથી મુક્ત હવાને માણી આવીએ.*

*આમ તો સ્થળ ક્યાં કોઈ પણ બાકી હવે?*
*કોઈના દિલ સુધી લટાર મારી આવીએ.*

*આપવાની મજા શું હોય છે એ જાણવા,*
*વૃક્ષ કે પછી વાદળને મળી આવીએ.*

*હસ્તરેખાઓ સુકાઈ જાય એ સારું નહીં,*
*કો'કનાં આંસુ લૂછી એને પલાળી આવીએ.*

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન : (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈમેલ : sgpatel1948@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## ભારત સરકારના પોસ્ટ વિભાગના સહયોગથી ચારુતર વિદ્યામંડળ દ્વારા સ્વ.પૂ.શ્રી ભાઈકાકાને સ્પેશીયલ કવર રીલીઝ કરી શ્રદ્ધાંજલિ અપાઈ

વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક તથા ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.પૂ.શ્રી ભાઈલાલભાઈ દ્વાભાઈ પટેલ (ભાઈકાકા)ની ૧૩૩મી જન્મજયંતિ નિમિત્તે પૂ.ભાઈકાકાએ ગ્રામ્ય કક્ષાએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે વિદ્યાનગરી વલ્લભ વિદ્યાનગરની સ્થાપના માટે આપેલ યોગદાન બદલ ભાવાંજલિ અર્પણ કરવા માટે તા.૭-૬-૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વલ્લભ વિદ્યાનગર ખાતે એનવીપાસ ઓડિટોરીયમમાં ભારત સરકારના પોસ્ટ વિભાગના સહયોગથી ચારુતર વિદ્યામંડળ દ્વારા સ્પેશ્યલ કવર રીલીઝ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનો પૂ.ભાઈકાકાના પ્રપૌત્ર અને ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળ લી.ના અધ્યક્ષશ્રી સર્વદમનભાઈ સી.પટેલ, આણંદ પોસ્ટ વિભાગના સપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ શ્રી ટી.એન.મલેક અને આસી.સપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસ શ્રી દિપક પંચાલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ એસ.પટેલ તથા માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી.પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલે પૂ.ભાઈકાકાના જીવન વિશે ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન વલ્લભ વિદ્યાનગરની સ્થાપના તથા પૂ.ભાઈકાકાના યોગદાન વિશેની વિડીયો કલીપ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પૂ.ભાઈકાકાની છબીવાળા વિશેષ કવરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રી શ્રી રમેશભાઈ સી. તલાટી, શ્રી મેહુલભાઈ ડી. પટેલ, શ્રી વિશાલભાઈ એચ. પટેલ, ચારુતર વિદ્યામંડળના કર્મચારીઓ, આણંદ તથા વલ્લભ વિદ્યાનગર પોસ્ટ વિભાગના કર્મચારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વલ્લભ વિદ્યાનગર પોસ્ટ વિભાગના શ્રી વિજયકુમાર અજવાલીયાએ કર્યું હતું.


ISSN 0976 – 9609

## પાપ તારું પરકાશ જાડેજા!

**તોરલ**

પાપ તારું પરકાશ જાડેજા! ધરમ તારો સંભાર રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં,

જાડેજા રે, એણ તોરલ કહે છે જી.

તોડી સરોવર પાળ, સતી રાણી! તોડી સરોવર પાળ રે,
ગૌધન તરસ્યાં વાળિયાં, તોરાંદે રે, એમ જેસલ કહે છે જી.

- પાપ તારું૦

હરણ હણ્યાં લખચાર, સતી રાણી! હરણ હણ્યાં લખ ચાર રે,
વનના મોરલા મારિયા, તોરાંદે રે, એણ જેસલ કહે છે જી.

- પાપ તારું૦

લૂંટી કુંવારી જાન સતી રાણી! લૂંટી કુંવારી જાન રે,
સાત વીસું મોડબંધા મારિયા, તોરાંદે રે, એમ જેસલ કહે છે જી.

- પાપ તારું૦

બહેન-ભાણેજા દૂભવ્યા, તોરાંદે રે, એમ જેસલ કહે છે જી.
ગોંદરેથી વાળી ગાય, સતી રાણી! ગોંદરેથી વાળી ગાય રે,

- પાપ તારું૦

જેતા મથેજા વાળ સતી રાણી! જેતા મથેજા વાળ રે,
એતા અવગણ મેં કર્યા, તોરાંદે રે, એમ જેસલ કહે છે જી.

- પાપ તારું૦

પાપ તારું પરકાશ જાડેજા! ધરમ તારો સંભાર રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં,

જાડેજા રે, એણ તોરલ કહે છે જી.

## મત કરના અભિમાન

**ગરીબદાસ**

મત કરના અભિમાન પ્યારે, મત કરના અભિમાન રે!

એક દિન ઐસી આઈ બનેગી, માટી મેં મિલ જાના રે,
ખાનદાન ઔર ખલક છોડ કે, ખાક હી મેં ખપ જાના રે - મત૦

રાવન અરુ વાલી બલશાલી, બડે બડે મહરાના રે,
કુંભ કરન અરુ મેઘનાદ કા, રહા ન નામ નિશાના રે - મત૦

યહ દુનિયા તો કાલ-રાહ મેં, જાન મુસાફિરખાના રે,
દાસ 'ગરીબ' તોષા કર લેના, ફિર નહીં ઠોર ઠિકાના રે - મત૦

## દેખ દીવાના દિલમેં બંદા

**માધવસાહેબ**

દેખ દીવાના, દિલમેં બંદા,

પઢ કમલા પલ પલમેં!

આદમકી ઓલાદ ચલાઈ, જુગતી રચાઈ જલમેં,
સોઈ સાહેબકી કરલે બંદગી, આદિલ રખો અદલમેં!-

હજ કરલે હરદાકી ભીતર, મક્કા મદીના મનમેં,
મરમ વિના મૂરખ ભટકત હૈ, જ્યું મિરગા જંગલમેં!-

માધવ કહે મહેબૂબ હમારા, થિર રિયા સબ થલમેં,
હે મુરશિદ વિશરામ હમારા, નૂર ઝલે જલથલમેં!-

દેખ દીવાના, દિલમેં બંદા,

પઢ કમલા પલ પલમેં!

## અઘોર નગારાં વાગે

**રામૈયો**

અઘોર નગારાં વાગે સંતો,

અઘોર નગારાં વાગે!

ભવેશ્વરમાં વેલા, દાતણ રોપ્યું,

ચહુ દિશ વડલો રાજે!

વેલા, અઘોર નગારાં વાગે!

ભૈરવજપ હેઠ સમાત તમારી,

આપેઆપ જ્યોતિ જાગે!

વેલાવડ હેઠળ ધુણીઉં તમારી,

તણખે ભવદુઃખ ભાગે!

વેલા, અઘોર નગારાં વાગે!

બાવનવીર ને ચોસઠ જોગણી,

તેત્રીશ કરોડ છે આગે!

વેલનાથ ચરણે બોલે રામૈયો,

અલખ ગિરનારી જાગે!

વેલા, અઘોર નગારાં વાગે!

## વૃક્ષકાવ્ય

**પિનાકિની પંડ્યા**

પૃથ્વીના નાભિમંડળ પર
ઊભેલું વૃક્ષ.

વૃક્ષ ફરતે
સૂર્ય પવનાવલિઓ રચે.

છતાં
સીમંતિની દિશાઓનો ઉઘાડ વંધ્ય.

યુદ્ધ તો ક્યારનું થંભી ગયું-શ્વાસોની જેમ જ.

સૈન્ય વિખરાઈ ગયું-રાખોડી રંગોની શિરાઓના વંટોળમાં.

સિંહસ્થ પરથી આવતો
આહૂત સ્વર
હોમાઈ ગયો-સદીઓના અનાહત અંધબંધ દ્વારે.

છતાંય
વીંધાયેલ હથેળીઓના
રક્તની ટપકગાથા કહેવા
આ કોણ ઊભું છે
પૃથ્વીના નાભિમંડળ પર
વૃક્ષ થઈ.

Email: pandyapinakini@yahoo.com

## ગઝલ/છેતરશે

**પરબતકુમાર નાયી 'દર્દ'**

હોઠમાં છે એ પ્યાસ છેતરશે.
આંખને પણ ઉજાસ છેતરશે.
બાગના ભપકા સાવ જૂઠા છે,
ફૂલ સાથે સુવાસ છેતરશે.

જે વફાદારીની કરે વાતો,
એવા લોકો તો ખાસ છેતરશે!!
છે રમતમાં દશા બધે સરખી,
કાંકરી કે ઉકાસ છેતરશે.

સાચવી ચાલ તું ગઝલ રસ્તે,
લીલવરણો આ પ્રાસ છેતરશે.

Email: parbatkumarnayi100@gmail.com

## આત્માના આત્મા

**ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'**

(અનુષ્ટુપ-સોનેટ-છંદગીત)

વહાલી કોષકોષોમાં
નિર્મળી શીત નિર્ઝરી,
શમાવે તાપ ઉતાપો,
કહોને કોણ એ હશે?

વહાવી અંતરે ઊંડે
સલુણી દિવ્ય નિર્ઝરી,
હટાવે અંધકારોને
કહોને કોણ એ હશે?

વહાવી આત્મમાં આત્મા
તણી એ આત્મનિર્ઝરી,
જગાવે આત્મનો આત્મા
કહોને કોણ એ હશે?

ખરા એ આત્મના આત્મા,
ખરા એ એ જ પરમાત્મા

૨૦૧, બાલમુકુન્દ કોમ્પલેક્ષ, રામેશ્વર ચોક,
રામેશ્વર પાર્ક, શેરી-૩, રૈયા રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૭, મો.૬૩૫૨૨ ૪૩૬૧૯

## હાઈકુ

**પ્રકાશચંદ્ર જે. બ્રહ્મભટ્ટ**

જિંદગીનું છે
અણમોલ જોડાણ
જોગ-સંજોગ

સરળ હસે
ખરીદી શકાય શું?
મોંઘી જિંદગી

૨, શિવમ્, આમ્રપાલી સોસાયટી, વૈશાલી સિનેમા રોડ,
મ્યુ. ક્વાર્ટર્સની જોડે, નડીયાદ-૩૮૭ ૦૦૨
મો.૯૪૨૯૪ ૩૯૩૪૯



ISSN 0976 – 9609

### ।। માને શ્રદ્ધાંજલિ ।।

તારા પ્રેમનો પાલવ
ઝુલતો સદા મુજ પર
તારા મુખનું સ્મિત
સદા રેલાતું મુજ પર
તારા શબ્દોને સથવારે
બંધાયું મુજ પોત
તારા મૌનને અજવાળે
ઊજળી જીવન જ્યોત
તારે ચીલે ચાલવાની
મુજ હૈયાને દેજે હામ
મ્હેંકીશ તારી જેમ જ
મા, આશિષ દેજે તમામ
તારા સ્વાભિમાનનું પ્રતીક બની
હું ખુલીશ
તારા શબ્દોના ઝુલામાં
હંમેશ ઝુલીશ

**(– તારી વ્હાલસોઈ દીકરી રિદ્ધિ)**

।। વિદ્યાવૃત્ત ।।

## સીવીએમ યુનિવર્સીટીની આઈસ્ટાર કોલેજે ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક–૨૦૨૧માં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું

એમએચઆરડીના નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધારાધોરણોને આધારે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા નોલેજ કોન્સોરશીયમ ઓફ ગુજરાત અંતર્ગત ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કના તૃતીય તબક્કાનો પ્રારંભ કરાયો હતો. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં રાજ્યની કુલ ૩૪ યુનિવર્સીટીઓ અને ૧૧૭ કોલેજો એમ કુલ મળીને ૧૫૧ સંસ્થાઓએ ભાગ લીધો હતો. એનઆઈઆરએફ, એમએચઆરડી અને જીએસઆઈઆરએફના સંયુક્ત ધારાધોરણો પ્રમાણે મુખ્ય ૪ પ્રકારના પેરામીટર જેવા કે ટીચિંગ, લર્નિંગ એન્ડ રીસોર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેસનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ અને આઉટરીચ એન્ડ ઇંક્લૂસિવીટીના આધારે રાજ્યકક્ષાની આ રેટિંગ પ્રક્રિયામાં ભાગ લીધેલ સંસ્થાઓના સીજીપીએ અને સ્ટાર રેટિંગ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં આઈસ્ટાર સંસ્થાએ ૭૮.૮૨ સ્કોર અને ૪.૬૦ ઓવરઓલ સીજીપીએ મેળવ્યા હતા. આ સાથે વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સીટી સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ રાજ્યભરમાં કોલેજ કેટેગરીમાં ૫ સ્ટાર સાથે પ્રથમ ક્રમાંક મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. જીએસઆઇઆરફના સમગ્ર પરિણામોની જાહેરાત આજરોજ ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં કરવામાં આવી હતી. આઈસ્ટાર કોલેજે સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવીને એક ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. આ ઉપરાંત ગયા વર્ષે પણ ગુજરાતની એન્જિનિયરિંગ અને ટેકનોલોજી સંસ્થાઓમાં આઈસ્ટાર કોલેજે જીએસઆઈઆરએફ રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત, એનઆઈઆરએફ, એમએચઆરડી, નવી દિલ્હીએ ૨૦૧૯-૨૦માં ભારતની તમામ કોલેજોમાં ૧૦૧-૧૫૦માં સ્થાન મેળવ્યું હતું. ૨૦૧૮-૧૯માં ગુજરાતની તમામ કોલેજોમાં આઈસ્ટાર ત્રીજા સ્થાને રહી હતી. સીવીએમ યુનિવર્સીટીના પ્રમુખ, ઇજનેર શ્રી ભીખુભાઇ પટેલ, માનદ સચિવ, ડો. એસ.જી.પટેલ, ઉપપ્રમુખ મનીષભાઇ પટેલ, મેહુલભાઇ પટેલ, આર.સી. તલાટી, વિશાલભાઇ પટેલ, જોઈન્ટ સેક્રેટરી અને ડાયરેક્ટર જનરલ પ્રો.ડો.પી.એમ. ઉદાનીએ સંસ્થાની આ મહાન શૈક્ષણિક સિદ્ધિ બદલ પ્રો.ડો. નિર્મલ કુમાર, જે.આઈ., આચાર્ય, આઈસ્ટાર અને તમામ ફેકલ્ટી સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

## એક કલાક અધ્યયન માટે

**વિનોબા ભાવે**

ગાંધીજીના જમાનાથી મારી એવી ફરિયાદ રહી છે કે ઉત્તમ કામમાં લાગેલા આપણા સેવકો પણ વિચારોનું અધ્યયન ઓછું કરે છે. કાર્યકરોને હું પૂછતો કે, 'હરિજન'માં ગાંધીજીનો ફલાણો લેખ આવ્યો છે, તે વાંચ્યો? તો જવાબ મળતો કે, ના રે ના; વાંચવાથી શું ફેર પડવાનો હતો? એમાં લખી લખીને એમ જ લખ્યું હશે ને કે હરિજનોની સેવા કરો, સૂતર કાંતો વગેરે. એ તો અમે કરીએ જ છીએ ને?

મતલબ કે તેઓ એવા જ ખ્યાલમાં રહેતા હતા કે પોતે ગાંધીજીને આખા ને આખા પી ગયા છે, માટે હવે કશું વાંચવાની જરૂર નથી! ત્યારે હું એમને કહેતો કે, કામ કરવાની સાથોસાથ વાંચવાની, ચિંતન કરવાની ટેવ રાખવી જોઈએ. જેટલું આપણું અધ્યયન ચાલશે, તેટલું ઊંડાણ આપણા કામમાં આવશે.

તુલસીદાસ, કબીર, જ્ઞાનદેવ આટલાં બધાં વરસ પછી પણ આજે કોને આધારે જીવતા છે? જે ગ્રંથો એમણે આપ્યા, તેનું અધ્યયન-ચિંતન કરનારા તેમજ તે મુજબ પોતાના જીવનને ઘડનારા સેંકડો સાધકો નીકળ્યા, એમને આધારે તેઓ જીવંત છે.

આજે આપણે દુનિયાના ચોકમાં ઊભા છીએ. ચારેકોરથી વિચારોનો મારો ચાલી રહ્યો છે-સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ બધાની વચ્ચે આપણા વિચારો મુજબ આપણે કામ કરતા રહેવાનું છે અને આપણા વિચારને પરિશુદ્ધ કરતાં કરતાં આગળ વધારવાનો છે. આવા સંજોગોમાં અધ્યયન વગર તો આપણે માર ખાઈશું. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે, તેમ એક જ ગ્રંથ અનેક વાર વાંચવાની વાત પણ આવે છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને કસી લેવાનો છે. શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં અધ્યયનનું ગણિત બતાવ્યું છેઃ જેટલું અધ્યયન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. જુઓને-આપણને જમતાં કેટલી વાર લાગે છે? અડધો કલાક, અને એ ખાધેલું પચાવતાં કેટલો વખત લાગે છે? ચાર-પાંચ કલાક. તેમ અધ્યયન માટે રોજ એક કલાક પૂરતો છે. નહીં તો બહુ ખાઈ લીધું ને પચાવ્યું નહીં, તો જે હાલત શરીરની થાય છે તેવી જ બુદ્ધિની થશે.

જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા માટે રોજેરોજ જ્ઞાન મેળવવાની યોજના હોવી જોઈએ. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ. દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને અધ્યયનમાં જાતને પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં. બસ-અધ્યયન, મનન, ચિંતન, આમ કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, ઉત્સાહ મળે છે અને કામ કરવાની શક્તિ પણ વધે છે.

(- 'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર)

।। વિદ્યાવૃત્ત ।।

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં ૨૧ જૂનના રોજ આચાર્યશ્રી વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ યોગ અને શારીરિક શિક્ષણ વિષયના શિક્ષકશ્રી રાજેશભાઈ મેકવાને ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું શાળાના પટાંગણમાં આયોજન કર્યું જેમાં એન.સી.સી. કેડેટ્સ અને એન.એસ.એસ. સ્વયંસેવકો, સૌ શિક્ષકમિત્રો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ યોગ અભ્યાસમાં ઉત્સાહભેર જોડાયા હતા. આચાર્યશ્રી સુથાર સાહેબે સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી સામે સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જાળવવામાં યોગનું પણ મહાયોગદાન રહ્યું છે. યોગ વર્તમાન સમય અને ભવિષ્યમાં પણ લોકોની આરોગ્ય સુખાકારી વધારવા ઉત્તમ રહેશે.

 ISSN 0976 – 9609

।। નિબંધ ।।

# રાણીની બહેનો

હરીશ મહુવાકર

'કાંપ'ના લોકો આદિત્યનારાયણની કરડી નજરથી ત્રસ્ત હતા. અમે એની ઉદારતા પણ જાણીએ. ખબર હતી કે હમણાં એ ટાઢા પડવા માંડશે, વાર નહિ લાગે. એટલે સાડા ચાર વાગ્યે અમે ફરીથી મૂળી તરફ નીકળી પડ્યા. કોઈ પણ ધરતીની સમીપ રહેવા માંડીએ કે એ પોતીકી લાગવા માંડે, ગમવા માંડે. સૂકી હવા, ખાલી ખેતરો, કાંટાળા બાવળ અને આખો સૂક્કો પ્રદેશ હવે ગમવા માંડ્યો છે. રસ્તાની બંને બાજુ એના સામ્રાજ્યને ચીરતા જઈ રહ્યા હતા.

મૂળીથી ડાબી તરફ ફંટાયા. પાતળો મજાનો ખુલ્લો એકમાર્ગીય રસ્તો હતો. મજાનો એટલે ઓછા ખાડાખડિયાવાળો પાકો ડામર માર્ગ. સૂમસામ ભાસતું હતું બધું. રસ્તાની ધારે બાવળ ને ઈંગર ને કેરડાના ઝાડી ઝાંખરાં સ્થિર લાંબી હારમાં ઊભેલા દેખાતા હતા. એમની પાછળ દૂર દૂર સુધી લંબાતા જતા હતા ખેડાયેલા ખેતરો. તૈયાર કરાયેલા હતા મોટાભાગના  ચોમાસું ઢૂંકડું હતું એટલે. ઘણા ખેતરોમાં ચાસની વચ્ચે કાળી પાતળી લાંબી પાઈપ વાવવામાં આવી હતી. કેટલાક ખેતરોમાં કેટલીય જગ્યાએ નહિ 'વવાયેલી' પાઈપના ફીંડલા પડેલા હતા. ડ્રીપ ઈરિગેશનની આ ઝાંકી.

બે ગામ વટાવ્યા પછી કાચો મારગ આવ્યો. માત્ર ધૂળિયો નહિ, પથરાળ પણ એટલો જ. વચ્ચે વચ્ચે સૂકાયેલા વોકળાના વહેણ, વચ્ચે વચ્ચે ખાડા, વચ્ચે વચ્ચે ઝાંખરાં. પંદરની ઝડપથી મોટર માંડ આગળ ચાલતી હતી. ઘડીભર એમ લાગ્યું કે ખોટો રસ્તો પકડાઈ ગયો. પૂછવાને કાજે કોઈ મળે નહિ. મળ્યા ચાર-પાંચ સ્ત્રી-પુરુષો ખાલી ખેતરમાં કામ કરતા. એમના જવાબથી બરાબર દિશામાં જતા હતા તેની ખાતરી થઈ.

આવી પહોંચ્યા ત્યારે અકલ્પનીય દૃશ્ય જોવા મળ્યું. દૂર દૂરના વીરાના સ્થળે મઝાની કોઈ ખૂબસૂરત વાવ કલ્પના બહારનું ગણાય ને ! પહેલા હારબદ્ધ રીતે ગોઠવાયેલી, માથોડા ઊંચી, કાળી પડી ગયેલી, જીર્ણશીર્ણ છ નાની છત્રીઓ દેખાઈ.

રિહાનને વાવ વિશે સમજાવ્યું. મેં કહ્યું, 'વાવ એટલે આ વાવ-પગથિયાવાળો કૂવો અને બીજો અર્થ વાવવું અને ત્રીજો અર્થ. આ વાવ વિશે તારે શું કહેવું છે?' લાંબા લહેકાથી એ કહે, 'Wow........'

આ રાતબા વાવ એટલે કે રાજબાઈ માતા વાવ. મહારાજ વિજયરાજસિંહ પરમાર દ્વારા ઈ.સ. ૧૪૮૪માં એના બંધાયાનો શિલાલેખ એની અંદર જોઈ શકાય. લગભગ સાડા પાંચસો વરસ પૂરાણી ગણી શકાય. તત્કાલીન સમયની સ્થિતિમાં નજર રાખતા માત્ર તરસ્યાને પાણી પીવડાવવા ઉપરાંતની તેની ઉપયોગિતા હતી એ સમજી શકાય.

પચાસેક મીટર લાંબી, લગભગ સાતેક મીટર પહોળી અને પચાસેક ફૂટ ઊંડી આ વાવ સ્થાપત્ય અને શિલ્પ કલાનો સુંદર નમૂનો છે. એ 'નંદ' પ્રકારની રચનાને અનુસરેલી છે. આ શૈલીમાં એક જ દ્વાર ચડવા ઊતરવા માટે હોય. બીજી વાવોને આમને સામને અથવા કે ત્રણ બાજુ અથવા ચારે બાજુથી ઊતરી શકાય તેવા દ્વાર હોય.

પગથિયા ઊતરતા મંડપની રચના આવે. મંડપની ઉપર બીજો મંડપ ઊભો હતો અને એવા કુલ છ મંડપ જોવા મળે. દરેક મંડપ પર સક્કરપારાની ભાત કોતરેલી ત્રણ ત્રણ છતરીઓ બાંધેલી હતી. અંદરના મંડપના સ્તંભ દીવાલોને અડે. જેમ જેમ પગથિયા ઊતરતા જઈએ તેમ આંતરિક મંડપની એક સીધી હાર જોવા મળતી જાય. વચ્ચેનો ખાલીપો, મંડપ, નીચે જતા પગથિયાં, ઉપર તરફના પગથિયાં, ઉપરનો મંડપ, એકલતા, ઉપરનું આકાશ એમ બધું એકસામટું મળીને નવી રચના બનાવે, નવી સંવેદનાઓ જગાવે. આંખોને વિસ્ફારિત કરે અને મનને ભૂતકાળની દુનિયામાં ડુબાડી દે.

અંદર ઊતરતા બે ફૂટ લાંબી, અડધા-પોણા ફૂટ ઊંચી પહોળી કંઈક કોતરકામ કરેલી હોય તેવી નકામી લાગતી એક શિલા એક ગોખ નીચે જોવા મળે. બહાર લખેલું છે અને ઝીણવટપૂર્વક જોઈને ખાતરી કરીએ ત્યારે ખબર પડે

કે શેષશાયી વિષ્ણુ ભગવાન છે. પવનનો ચરખો ભગવાન ચલાવે છે ને ભગવાન પોતાની જ હયાતિને આસ્તે આસ્તે મીટાવે એ કેવું! ગોખમાં માત્ર માની મૂર્તિ છે એટલે કેટલાક લોકો માટે આ વાવ એક શ્રદ્ધાનું મંદિર પણ બની રહ્યું છે.

ઊતરતા ઊતરતા અંતભાગના પગથિયા સુધી આવી પહોંચ્યા. પાંદડા, ધૂળ, ચરક, વાસ, ફૂગ અને કાળાશની વચ્ચે ઊભા રહ્યા. નિમ્મીએ આગળ વધવાની ના પાડી તો પણ મારાથી બે ત્રણ પગથિયા ઊતરી જવાયું. પછી ઊભો રહ્યો. વાવમાં પાણી હતું. કાળી નાની પાઈપ દેખાઈ. એ પાણી બહાર ખેંચાતું હોવાનું સ્પષ્ટ કરતી હતી.

નીચેથી ઉપરના પાંચેય માળ સ્પષ્ટ થયા. ઉપરથી આવતો પ્રકાશ વાવને ચોખ્ખી રીતે પ્રદર્શિત કરવામાં મદદરૂપ બન્યો હતો. ચૂનાના પથ્થરો ઘસાયા હતા ને તૂટ્યા પણ હતા. ભૂખરો, રાતો રંગ સમયના ઉઝરડાને સમાવતો ખિન્નતા પ્રગટ કરી રહ્યો. પરંતુ વાવની મજબૂતાઈ, મોકળાશ, તેની રચના અને તેને બાંધવા પાછળનું ઉમદાપણું ખિન્ન ભાવોને ટકવા દેતું ન હતું. આવી ઉમદા વાવને સાચવવા જાળવવાવાળું કોઈ નથી. એ ભાવો મનને ઉદ્વિગ્ન બનાવી રહ્યા.

રામપર ગામ લઈ જતા નેળિયા જેવા રસ્તેથી અમે આગળ ધપ્યા. ઠેકઠેકાણે માણસના મનની વિકૃતિ જેવા ખાડા હતા. ખોદકામ કરીને માટી અને પથ્થરોને વિકાસ માટે લઈ જવાયા હતા. બાવળો વચ્ચે રહેલા આ ખાડાઓ આપણને ગ્રસી જવા માંગતા હોય તેવા લાગતા હતા. ખેતરોમાં માટીનો રંગ એકસરખો નહિ. કોઈ જગ્યાએ કાળી ને કોઈ જગ્યાએ રાતી. એમાં ભૂખરો રંગ પોતાની છાંટ ભભરાવ્યા કરે. લાલ માટી પાક માટે ખૂબ સારી એમ નિમ્મી ઈશાને સમજાવતી હતી. પણ પછી ઉમેર્યું, 'પાણી વિના શું થાય બેટા?'

અંતરિયાળ ગામોમાંથી પસાર થતા સરસ સ્વામિનારાયણ મંદિર દેખાયું. વળી નિમ્મી કહે, 'આ બાજુ ખૂબ જોવા મળે છે સ્વામિનારાયણ મંદિરો.' પછી અમારા વચ્ચે વાતો નીકળી. જમાનો હતો. બહારવટિયા, ચોર, લૂંટારાનો. વધારામાં અમુક તમુક કોમનોય ત્રાસ. એમાં વધારો કરતા નિર્દયી રાજાઓ અને તેમની ફોજ. એમાંય વધારો થયો અંગ્રેજી શાસનનો. એ સમયે સદ્‌વૃત્તિ, સદ્‌ભાવ અને સદ્‌કાર્યો જગાવવામાં, ફેલાવવામાં અને મૂળભૂત પરિવર્તન લાવવામાં આ ધર્મે જબરું કાર્ય કર્યું હતું. એના પરિપાકરૂપે છે આ મંદિરો.

અમે હવે લીંબડી-સાયલા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવી પહોંચ્યા. સાયલાને વટાવી ધાંધલપુર ચોકડીથી ડાબી તરફ વળ્યા. અહીંથી હડાળા ને પછી આવતું હતું ધાંધલપુર ગામ. સાંજના સાડા છ થવા આવ્યા હતા. અંધારું ઊતરે એ પહેલા પહોંચી જવું હતું ત્યાં. રસ્તો સારો હતો એટલે સવારી પવનવેગી ચાલી.

કહેવાય છે કે આ ધાંધલપુર ગામ સિદ્ધરાજ જયસિંહનું જન્મસ્થાન છે. એના શાસનતળેના સામ્રાજ્યના છેવાડાનું આ એક શહેર હતું. ગામભાગોળે તરત ઓળખી શકાય મીનળવાવ. એની છત્રીઓ દૂરથી આછા પ્રકાશમાં માથું ઉંચકેલી ઊભી હતી. ડાબી બાજુએ નાનું મંદિર અને જમણી બાજુએ સાવ નાનકડી દેરી જેવું અમરેશ્વર શિવમંદિર. વાવ પોતે અમારા માટે મંદિર સમાન હતી એટલે અમે પહેલા એનું દર્શન રાખ્યું.

રાજબાઈમાતા વાવ જેટલી પહોળી લાંબી ઊંડી આ વાવ છે, પરંતુ અહીં મોકળાશ વધુ લાગે. શરૂઆતમાં દસબાર પગથિયાં ઊતર્યા પછી મંડપ માટેની જગ્યા આવે છે. આ વાવને આઠ સ્તંભ છે. લંબચોરસ કૂટ એટલે છત્રીઓ જમીનની સપાટીથી ઉપર હોવાને લીધે સુંદર દેખાવ ધારણ કરે છે. મંડપના નેવા ઉપર નાની છત્રીઓ જેવા ગુંબજો અને શિખરો મનભાવક લાગે. છતની અંદર કમળની આકૃતિઓ કંડારાઈ છે. સ્તંભો ઉપર આવા કુલ ત્રણ મંડપ અને છત્રીઓ છે.

પ્રમાણમાં સાફ છે આ વાવ. કોતરણી પ્રભાવશાળી નથી પરંતુ ગમી જાય એવી તો ખરી જ. ખૂબ આછી પાતળી થઈ ગઈ છે એ. સાવ છેલ્લા ભાગ સુધી ન જઈ શકાયું. અંતિમ પગથિયા અને મજલા તૂટી પડ્યા છે. ત્યાં થોડી કાળાશ વધુ પડતી છે. પાણી ખેંચવા કાળો પાઈપ ઉતારેલો હતો. બહાર અવેડો ભરાયેલો હતો.

બહારના ભાગમાં વાવની એક બાજુથી મંડપની


ISSN 0976 – 9609

વચ્ચેથી નીકળી બીજી બાજુ જઈ શકાય તેવી રચના છે, જે રાજબાઈમાતા વાવમાં નથી. છત્રીઓનું નકશીકામ ફૂલો અને પાંદડાઓથી સુશોભિત પરંતુ સૂક્ષ્મ નથી. થાંભલીઓ પર સિંહ અને માનવીય આકૃતિઓ કોતરેલી છે. આ પણ નંદ પ્રકારની વાવ છે.

વાવના પરિસરમાં ડાબી બાજુએ ત્રણ ચાર માથોડા ઊંચી ધૂંધળીનાથની એક જ શિલામાંથી કોતરી કાઢેલી પ્રતિમા ધ્યાન ખેંચે. અનાકર્ષક ખરી પરંતુ સાવ અવગણી શકાય નહિ. આધુનિક માનવે મૂળ દેખાવ બગાડી નાખ્યો – માથે સિંદુરનો લેપ કરીને. મૂર્તિનો જમણો ભાગ સાથળથી તૂટી ગયેલો છે ત્યાં ધૂંધળીનાથના શિષ્ય સિદ્ધનાથની નાનકડી મૂર્તિને લીધે એટલો ભાગ પૂરાઈ જવાથી એ ભદ્દી લાગતી નથી. આમેય અસલમાં પણ ચેલા સિદ્ધનાથે ગુરુ ધુંધળીનાથની પ્રતિષ્ઠાને સાચવી જ લે છે ને!

આવા ઐતિહાસિક શિલ્પ સામે ઊભા રહીએ ત્યારે એને ઘડનાર અને બનાવવા માટે આદેશ આપનાર માનવીઓનું મનસ આપણી સામે ખૂલે. સાંસ્કૃતિક ધરોહર જીવંત રાખવાનાં એમના પ્રયાસો, લગાવ, દિલમાં આવે પરંતુ એ શિલ્પ સામે નાનકડો ચૂલો હોય અને એના ઉપર ચા બનતી હોય ત્યારે તમને શું થાય? મને પણ ચાની ઓફર આવી. મેં ઘસીને ના પાડી દીધી.

ઝાલરટાણું થયું. ઝાલર પણ વાગી. અમે નીકળી પડ્યા ત્યારે કરડાકીભર્યા સૂરજદાદા પોતાના તેજને સંકોરવામાં પડ્યા હતા. રિહાન કહે, સૂરજદાદાએ પોતાની થેલીમાં પ્રકાશને પૂરી દીધો. થોડીક ચેઈન ખૂલી રહી ગઈ છે એટલે થોડોક ઉજાસ દેખાય છે. મને એના કલ્પનથી મજા પડી.

ઈશાએ બીજનો ચંદ્રમા દેખાડ્યો. મા દીકરી એની પ્રશંસામાં લાગી ગયા. હું જોવા લાગ્યો બહાર તો ઈશા કહે, આગળ ચલાવવામાં ધ્યાન રાખો. ગઈકાલે ઈદ હતી. નિમ્મી કહે, વહાં ક્યું દેખતે હો ? ઈદ કા ચાંદ તો ઈધર હૈ. મેં મોંઢું મલકાવ્યું. મેં મોટરને સાવ ધીમી પાડી પશ્ચિમાકાશે ધ્યાન ધર્યું કે બીજ હાજર. ખુલ્લા વિસ્તારની ઘાટી કાલીમાં વચ્ચે બીજનો પાતળિયો વળાંક અતિકમનીય લાગી રહ્યો હતો. મારી આંખે જડાઈ ગયો.

આ બંને વાવ જોવાનું મિત્રોને કહીશ. એવું એવું મગજમાં ચાલી રહ્યું. પરંતુ મિત્રો એમ પણ કહેશે, એલા ખાલી બે વાવ જોવા તું સુરેન્દ્રનગરથી ૭૭×૨=૧૫૪ કિલોમીટર લાંબો થયો ?

હું કહીશ, માઈલોના માઈલો દૂરથી ને છેક પરદેશથી પણ લોકો રાણકી વાવ જોવા પાટણ આવે છે તો રાણીની પિતરાઈ બહેનોને મળવા માટે મારે આટલા અંતરની શી વિસાત ?

'અમે', ૩/એ, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદારનગર,
ભાવનગર-૩૬૪ ૦૦૨. મો.૯૪૨૬૨ ૨૩૫૨૨
Email : harishmahuvakar@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## ગુજરાત સ્ટેટ રેટીંગ ફ્રેમવર્ક-૨૦૨૧માં ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટીની ત્રણ સંસ્થાઓને પ્રથમ ૧૧માં સ્થાન પ્રાપ્ત થયું

ગુજરાતની ટોપ ૧૧ કોલેજોમાં સીવીએમ યુનિવર્સિટીની આઈસ્ટાર ફાઈવ સ્ટાર સાથે ૪.૬ સીજીપીએથી ગુજરાતમાં પ્રથમ, એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ ફોર સ્ટાર સાથે ૩.૮ સીજીપીએ અને સેમકોમ કોલેજે ફોર સ્ટાર સાથે ૩.૬ સીજીપીએથી કોમર્સ અને મેનેજમેન્ટ કોલેજોમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ (એનવીપાસ), એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ (સીપીઈ) અને અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિગ્રેટેડ સ્ટડી એન્ડ રીસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ અલાઈડ સાયન્સીઝ (અરીબાસ) સંસ્થાઓએ પણ ફોર સ્ટાર રેટીંગ સાથે આ શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

॥ લઘુકથા ॥

## અદા

**દુર્ગેશ ઓઝા**

મૂકેશે રવિવારે સવારે ઘરમાં બધાને ભેગા કર્યા, અને.. 'આ છોકરીનું શું કરવું એ જ સમજાતું નથી. એને દશમું બેઠું, પણ હજી એ પગ વાળીને ક્યાંય બેસતી નથી. ફોરમ, હવે તું કાંઈ નાની કીકલી નથી. જ્યારે જુઓ ત્યારે બસ આમતેમ નાચતી જ હોય ને હાથના લટકાંમટકાં કરતી જ હોય! આ વળી શું માંડ્યું છે? માધવ, આ વખતે પાંચમા ધોરણમાં એને માત્ર ૫૫ ટકા જ આવ્યા! એ અહીં ગામડે રહે એના કરતાં આને તું તારા ઘરે રાખ ને ત્યાં ભણાવ-ગણાવ. ત્યાં અમદાવાદમાં શિક્ષણ પણ સારું, ને પાછો તું છે કડક એટલે ધ્યાન સારું રહેશે.' એણે ફોરમને સંભળાવ્યું, 'બહુ ઠેકડા મારતી હતી ને? લે લેતી જા લાડવો. હવે અદાને ઘરે સીધીદોર થઈ જઈશ તું.'

'રે'વા દયો, આપણી દીકરી તો ભોળું પારેવું. તે હજી નાદાન છે. હું એને સમજાવીશ.' સરિતાએ પતિને વાર્યા, પરંતુ મૂકેશ મક્કમ. 'માધવ એનો કાકો છે, કાકાને આપણામાં અદા કે મોટાબાપા કહે છે ખબર છે ને? એ કાંઈ દીકરીને મારી નહીં નાખે.' માધવે તો ફોજમાં ઉપરી અમલદાર તરીકે પંદર વર્ષ કામ કરેલું. એ એક ત્રાડ પાડે એટલે..! એ કહે, 'ચિંતા ન કરો. એ મારી જ દીકરી છે. પણ હા, હું કહું એમ ફરજિયાત એણે કરવું પડશે, નહીંતર..!' ફોરમે ન જવા માટે બહુ ધમપછાડા કર્યા, પરંતુ..!

માધવના ઘરે અઠવાડિયું તો શાંતિથી ગયું, પણ પછીના દિવસે ફોરમની ચાદર ખેંચાઈ. અદાની અદા અનોખી. એણે આદેશ આપ્યો, 'એય ઊંઘણશી, ઊભી થા. તારા બાપે તને અહીં સૂવા નથી મોકલી. ચાલ ઝટ ઊભી થાય છે કે પછી દઉં એક ધોલમાં?'

'પણ અદા, મારી સ્કૂલ તો બપોરની છે! હજી તો સવારના સાત જ..'

'એટલે શું આખું દિવસ આમ પડ્યા રહેવાનું? તારી જીભડી બહુ હાલે છે, એના કરતા તારા હાથ-પગ હલાવ. આ તારા બાપનું ઘર નથી શું સમજી? ઊભી થા. ને જોઈ લે આ વસ્તુ. તારે આજથી જ આને..' સવારસવારમાં આ વસ્તુ જોઈને ફોરમ તો નવાઈમાં ગરકાવ. શબ્દો ગળામાં જ અટવાઈ ગયા. અદાની આંખોમાં કડકાઈ, મક્કમતા અને બીજું ઘણુંબધું! અદા આવા હશે એવી તો એને કલ્પનાયે નહોતી! ભીની આંખે એણે એ વસ્તુ લઈ લીધી. આમ ને આમ છ માસ વીતી ગયા. વચ્ચે બે વાર ફોરમ પોતાનાં ઘરે ગયેલી, પણ અદાએ કડક સૂચના આપેલી કે 'ખબરદાર! જો અહીંની પેલી વાત ત્યાં ઉખેળી છે તો...!'

છ માસ પછી..ફોરમ એના અદા સાથે ગામડે ગઈ ત્યારે મૂકેશ એના પગ ને ફોટોગ્રાફ્સ જોઈને ચમક્યો, માધવ સામે જોઈ રહ્યો. ફોરમનો નૃત્યની સ્પર્ધામાં પહેલો નંબર આવ્યો હતો તેના એ ફોટોગ્રાફ્સ! અદાએ ફોરમને જે વસ્તુ સવારસવારમાં બતાવી હતી તે ઝાંઝર હતાં જે અત્યારે એણે પહેર્યાં હતાં.

૧, જલારામનગર, નરસંગ ટેકરી, ડૉ.ગઢવીસાહેબના મકાન પાસે,
હીરો વર્કશોપ પાછળ, પોરબંદર-૩૬૦ ૫૭૫
મો.૯૮૯૮૧ ૬૪૯૮૮
Email: durgeshozayahoo.co.in

॥ વિદ્યાવૃત્ત ॥

## એનવિપાસ કોલેજતથા જેસીઆઈ-વિદ્યાનગર દ્વારા વૃક્ષારોપણ

સમગ્ર વિશ્વમાં ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે સીવિએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની ઘટક સંસ્થા નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ,વલ્લભ વિદ્યાનગરના એનએસએસ યુનિટ દ્વારા આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીના માર્ગદર્શન હેઠળ જેસીઆઈ-વિદ્યાનગરના સહયોગથી કોલેજના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તથા રોપાયેલ છોડવાઓની માવજત કરવાનો પણ વિદ્યાર્થી સ્વયંસેવકોએ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી, સીવિએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપ, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. તેજસ ઠક્કર, ડૉ. ધનંજય ધ્રુવ, જેસીઆઈ-વિદ્યાનગરના પ્રમુખ ડૉ. દીપલ પટેલ અને અન્ય પ્રતિનિધિઓ તથા વિદ્યાર્થી સ્વયંસેવકો હાજર રહ્યા હતા.

 ISSN 0976 – 9609

# ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી

ડૉ.કે.એમ.મકવાણા

સ્વતંત્રતાના અરસામાં ચરોતરને શિક્ષણક્ષેત્રે સંપન્ન બનાવવામાં વિવિધ સમાજસેવી મહાનુભાવોએ સહકારિતાનો પાયો નાખ્યો હતો. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, ભાઈકાકા અને ભીખાભાઈ જેવા મહાનુભાવોના માર્ગદર્શનમાં ચરોતરના ખેડૂત વર્ગે પોતાની ઘણી જમીન વલ્લભ વિદ્યાનગરના નિર્માણ માટે દાનમાં આપી હતી. ઈ.સ. ૧૯૪૭માં વી.પી. સાયન્સ કોલેજની સ્થાપના તથા ઈ.સ. ૧૯૫૫માં સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના બાદ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોની રચનાનો સિલસિલો વણથંભ્યો રહ્યો. જેના ભાગરૂપે ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (બીબીઆઈટી)ની શરૂઆત ૩જી ઓગસ્ટ, ૧૯૫૮ના રોજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ ઇજનેરી કોલેજ)ના સંકુલમાં થઈ હતી. ત્યારબાદ વર્તમાન સંકુલની શિલારોપણ વિધિ તા. ૯/૩/૧૯૫૯ના રોજ ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ખાતાના તત્કાલીન પ્રધાન શ્રી હુમાયું કબીરના હસ્તે થઇ હતી. અત્રે નોધવું ઘટે કે સમગ્ર ગુજરાતમાં જૂજ સંખ્યામાં ગ્રાન્ટ ઈન એઇડ ડિપ્લોમા કોલેજો આવેલી છે. શરૂઆતમાં એક જ વિભાગ (વર્તમાન બી-બ્લોક)નું બાંધકામ થયું હતું. આ વિભાગમાં જ શૈક્ષણિક તથા વહીવટીય કાર્ય થતું હતું. સમય જતા વર્લ્ડ બેંકના પ્રોજેક્ટની અનુદાનિત રાશિમાંથી વર્તમાન એ-બ્લોકનું બાંધકામ થયું છે. હાલમાં એ-બ્લોકમાં સંસ્થાના વડાની કચેરી તથા અન્ય વહીવટીય વિભાગો આવેલા છે. ઇ-બ્લોકમાં શૈક્ષણિક વિભાગો, વર્ગો તથા પ્રયોગશાળાઓ સ્થિત છે. ઈ અને ઉ બ્લોકમાં અનુક્રમે વર્કશોપ અને ઈલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન વિભાગ આવેલા છે. વિવિધ કાર્યક્રમો કરવા અનુકુળતા રહે તે માટે કોન્ફરન્સ હોલ આવેલો છે.

## શૈક્ષણિક બાબતો

સંસ્થામાં અનુદાનિત અને સ્વનિર્ભર એમ બે પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે. અનુદાનિત અભ્યાસક્રમોમાં મીકેનિકલ, સિવિલ, ઈલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન, કમ્પ્યુટર અને ઈલેક્ટ્રિકલ એમ કુલ ૫ અભ્યાસક્રમો ચાલે છે. જેમાં પ્રતિવર્ષ કુલ ૩૭૫ જેટલા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પ્રવેશ મેળવે છે. સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં મીકેનિકલ, સિવિલ, ઈલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન, કમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ, આઈટી અને મેકાટ્રોનિક્સ એમ કુલ ૭ અભ્યાસક્રમો ચાલે છે. જેમાં પ્રતિવર્ષ કુલ ૪૨૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પ્રવેશ મેળવે છે. બધા વિષયમાં થઈને આશરે ૩૨ જેટલી પ્રયોગશાળાઓ આવેલી છે. બધા વિષયના થઇને કુલ ૧૦૦ થી વધુ જરૂરી લાયકાત ધરાવતા અધ્યાપકો અધ્યાપન કાર્ય કરે છે.સંસ્થા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીની માન્યતા વાળા અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ઓફર કરે છે.

યુનિવર્સીટી પરીક્ષાના સુચારુ આયોજન માટેનું ઝોનલ સેન્ટર પણ આ સંસ્થામાં જ આવેલું છે. ૧૩૦ કોલેજોને આવરી લેતા ઝોનલ સેન્ટરમાંથી દર વર્ષે થીયરી અને પ્રેક્ટિકલ પરીક્ષાના આયોજન માટેની તૈયારીઓ થાય છે. આ ઉપરાંત વખતોવખત સંસ્થામાં અધ્યાપકોના તાલીમ કાર્યક્રમો પણ યોજાતા રહે છે. અત્યાર સુધીમાં લગભગ અનેક તાલીમ કાર્યક્રમો સંસ્થામાં યોજાઈ ચૂક્યા છે, જેમાં ઘણા અધ્યાપકો તાલીમ મેળવી ચૂક્યા છે. કેનેડાની સાયસ્ટ યુનિવર્સિટીની ભાગીદારીમાં સંસ્થાએ વિવિધ વિષયોમાં સર્ટિફિકેટ કોર્સીસનો કાર્યક્રમ પણ સફળતાપૂર્વક લાંબા સમય સુધી ચલાવ્યો છે. વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ પછી કેરિયરને લગતા માર્ગદર્શન અંગેના સેમિનાર અને વેબીનારનું આયોજન પણ સંસ્થા દ્વારા પ્રતિવર્ષ કરવામાં આવે છે. ઇજનેરી ક્ષેત્રની રાષ્ટ્રીયસ્તરની બે મહત્ત્વની

સંસ્થાઓ ISTE અને IEમાં સંસ્થાના વિવિધ પ્રાધ્યાપકોએ મહત્ત્વની જવાબદારીનું વહન કર્યું છે અને હાલમાં પણ ૩ પ્રાધ્યાપકો ISTE National Executive Council Member તરીકે ચૂંટાઈ આવ્યા છે. સંસ્થાના એક પ્રાધ્યાપક હાલમાં ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીમાં એસોસિયેટ ડીન તરીકે કાર્યરત છે.

સંસ્થાના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા પર્સનાલિટી ડેવલોપમેન્ટ, ઇન્ટરવ્યૂ ફેસિંગ ટેકનિક, મોક ઇન્ટરવ્યૂ તેમજ વિવિધ પ્રતિષ્ઠિત કંપનીના કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવવામાં આવે છે. ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના પ્રયત્નોથી સંસ્થા અને વિઠ્ઠલ ઉદ્યોગનગર વચ્ચે MoU કરવામાં આવેલ છે. સંસ્થા ખાતે આદિત્ય બિરલા, ટોરેન્ટ પાવર, એસ્સાર સ્ટીલ, મારૂતિ સુઝુકી જેવી ખ્યાતનામ કંપની નિયમિત પ્લેસમેન્ટ માટે આવે છે. ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના પ્રયત્નોને કારણે ૨૦૨૦-૨૧ માં વૈશ્વિક મહામારીના કપરા સમયમાં પણ ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓને કેમ્પસમાં જ જોબ ઓફર મળેલ છે અને વિદ્યાર્થીઓએ મહત્તમ રૂપિયા ૪ લાખ પ્રતિ વર્ષ સુધીનું પેકેજ મેળવેલ છે.

### રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ

રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટની પ્રવૃતિઓને વેગ આપવા માટે સંસ્થામાં અલાયદા રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલની રચના કરવામાં આવી છે, જેના દ્વારા સંશોધનને લગતા વિષયો પર IE અને ISTE માન્યતા પ્રાપ્ત સેમિનાર અને FDPનું આયોજન કરવામાં આવે છે. પીએચ.ડી. જેવી ઉચ્ચ ડીગ્રી મેળવેલા ૧૪ જેટલા અધ્યાપકો સંસ્થામાં કાર્યરત છે. ઉપરાંત ૨૨ અધ્યાપકો પીએચ.ડી. કરી રહ્યા છે.બાકીના લગભગ તમામ અધ્યાપકો M.E./ M.Tech. જેવી ડિગ્રી ધરાવે છે. સંસ્થાના અધ્યાપકગણને સરકારની વિવિધ એજન્સી જેવીકે ISTE, IE, DST, GUJCOST, BRNS, AICTE વગેરેમાંથી નિયમિત રીતે સંશોધન અર્થે અનુદાન મળતું રહે છે. અત્યાર સુધીમાં આવા કુલ ૧૫ પ્રોજેક્ટ્સને આશરે રૂા.૧.૩૦ કરોડ જેટલું અનુદાન મળ્યું છે. ઈ.સ. ૨૦૧૭માં બોર્ડ ઓફ રીસર્ચ ઇન ન્યુકલીઅર સાયન્સ, ભારત સરકાર દ્વારા પ્લાઝમા અનુસંધાન કેન્દ્ર, ગાંધીનગરના સહયોગમાં સંશોધન કાર્ય માટે રૂા.૧૯.૭૩ લાખની રાશિ મંજૂર થયેલી છે, જે અંતર્ગત સંશોધન કરીને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં સંશોધન પત્રો પ્રકાશિત કરવામાં આવ્યા છે. ઉપરાંત વિજ્ઞાન પ્રસાર માટે વિ-વિદ્યાનગર મેગેઝીન અને સ્થાનિક અખબારપત્રોમાં સંસ્થાના અધ્યાપકો દ્વારા લેખ પ્રકાશિત કરવામાં આવે છે. સંસ્થાના ૪ અધ્યાપકોને આજ સુધીમાં ISTE દ્વારા Best Polytechnic Teacher Awardથી નવાજવામાં આવ્યા છે.

રાજ્ય સરકારની Student Startup Innovation Policy (SSIP) અંતર્ગત સંસ્થામાં SSIP સેલની રચના કરીને તે હેઠળ ડિપ્લોમાના વિદ્યાર્થીઓને વિવિધ પ્રોજેક્ટ્સ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, જેમાં સંસ્થાના અધ્યાપકો મેંટર તરીકે કાર્ય કરે છે.વર્તમાન સમયમાં ઊર્જા કટોકટીને ધ્યાનમાં રાખીને તેને પહોંચી વળવા અને ઊર્જાના યોગ્ય ઉપયોગ માટે રાજ્ય સરકાર અને GEDA દ્વારા એનર્જી ઓડિટની પ્રક્રિયા હાથ ધરવા માટે સક્ષમ પ્રાધ્યાપકોને એનર્જી ઓડિટર તરીકે માન્યતા આપવામાં આવે છે. બીબીઆઈટીના પ્રાધ્યાપકો માન્યતા પ્રાપ્ત એનર્જી ઓડિટર તરીકે પણ કાર્યરત છે.

### વિદ્યાર્થીલક્ષી રાષ્ટ્રીય અને રાજ્યસ્તરીય સ્પર્ધાઓ

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૩થી પ્રતિવર્ષ ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે CREATO નામની ટેકનિકલ પ્રોજેકટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫થી આ સ્પર્ધાનું નેશનલ લેવલનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગતવર્ષે સમગ્ર દેશમાંથી આશરે ૮૦૦-૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. CREATOની જેમ જ કોમ્પ્યુટર અને આઇટીના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ HACKATHON નામની પ્રોગ્રામિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, જેમાં આશરે ૨૫૦ જેટલા રાજ્યભરમાંથી વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે.


ISSN 0976 – 9609

સંસ્થા દ્વારા રાજ્યની ડિગ્રી અને ડિપ્લોમા કોલેજોના વિદ્યાર્થીઓ માટે રાજ્યસ્તરીય સંગીત સ્પર્ધા VOICE BATTLE 2021: સુરીલો એંજિનિયરનું આ વર્ષે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૨ સંસ્થાઓના ૭૫ વિદ્યાર્થી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કોરોના મહામારીના કારણે આ સ્પર્ધાનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણેય સ્પર્ધાઓ CREATO, HACKATHON અને સુરીલો એંજિનિયરમાં ચારુતર વિદ્યામંડળ દ્વારા આશરે રૂા.૨.૮૦ લાખની રકમ ઈનામ તરીકે વિદ્યાર્થીઓને વિતરિત કરવામાં આવે છે.

**સમાજમાં યોગદાન**

સમાજઉત્થાન માટે પણ રાજ્ય સરકારના Community Development Through Polytechnic (CDTP) કાર્યક્રમમાં સંસ્થાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઇ.સ. ૧૯૭૮થી સંસ્થા દ્વારા ચલાવતા આ કાર્યક્રમમાં ઓછું શિક્ષણ મેળવેલા વર્ગના અને ખાસ કરીને જેલના બંદીવાન ભાઈઓ તથા બહેનોના ભવિષ્ય સુધારણા હેતુ વિવિધ તાલીમ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરીને રોજગારની તક પૂરી પાડવામાં આવે છે. કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન CDTP દ્વારા માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ઘડતર માટે NSS જેવા કાર્યક્રમો પણ સંસ્થા દ્વારા આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવે છે. રમતગમતની તથા વ્યક્તિત્વવિકાસની સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓને સવિશેષ પ્રોત્સાહન આપવામાં આવે છે. કુલ મળીને સમાજ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી આપણી સંસ્થા જેના પાયામાં સ્થાનિક ખેડૂતો તથા દાનવીરોનો સહકાર તથા ચારુતર વિદ્યામંડળની છત્રછાયા છે, તે ડિપ્લોમા સ્તરની શૈક્ષણીક સંસ્થાઓમા એક આદર્શ ઉદાહરણ બનવા સતત પ્રયત્નશીલ છે.

આચાર્ય, ભાઈલાલભાઈ એન્ડ ભીખાભાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ
ટેક્નોલોજી (બીબીઆઈટી), વલ્લભ વિદ્યાનગર

॥ અભિનંદન ॥

## ૨૦૨૧ના વર્ષમાં આપવાના થતા પાંચ ચંદ્રકોના નિર્ણયની જાહેરાત

**૧. શ્રી ભગવતીકુમાર શર્મા લાઇફ ટાઈમ એચિવમેન્ટ ચંદ્રક (ગદ્ય વિભાગ) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯)**
શ્રી વિજયભાઈ શાસ્ત્રીને આપવાની જાહેરાત થઈ ગઈ છે.

**૨. શ્રી નંદશંકર મહેતા ચંદ્રક (નવલિકા સંગ્રહ) (વર્ષ ૨૦૧૮-૨૦૧૯)**
નિર્ણાયકશ્રી ગુણવંતભાઈ વ્યાસે સુશ્રી મેધા ત્રિવેદી કૃત 'સૂત્રિત'ને આપવાનો નિર્ણય કર્યો છે.

**૩. શ્રી નાનુભાઈ નાયક ચંદ્રક (ગાંધીવિચાર-સમાજજીવન વગેરે) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯)**
નિર્ણાયક શ્રી ડો. ચૈતન્ય દેસાઈએ શ્રી રમેશ તન્ના કૃત પુસ્તક 'સમાજની સુગંધ'ને આપવાનો નિર્ણય કર્યો છે.

**૪. રા. બ. કમળાશંકર ત્રિવેદી ચંદ્રક (શિક્ષણ-સંસ્કૃત સાહિત્ય) (વર્ષ ૨૦૧૭-૧૮-૧૯)**
નિર્ણાયક શ્રી પ્રજ્ઞાબહેન વશીએ ડો. અરુણ કક્કડ કૃત 'શિક્ષકની ચેતના' પુસ્તકને આપવાનો નિર્ણય કર્યો છે.

**૫. નર્મદ ચંદ્રક (નિબંધસંગ્રહ-વિવેચન) (વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯)**
નિર્ણાયક ડો. શ્રી પ્રફુલ્લ દેસાઈએ શ્રી પ્રવીણ દરજી કૃત પુસ્તક 'નદીગાન'ને આપવાનો નિર્ણય કર્યો છે.

ચંદ્રક પ્રાપ્ત કરનાર સૌને નર્મદ સાહિત્ય સભા તથા વિ-વિદ્યાનગરનું તંત્રીમંડળ હાર્દિક અભિનંદન પાઠવે છે.

# જીવનમાં પ્રભાવદાયીઃ સોબત

ઈશ્વરભાઈ વાઘેલા

'સોબત તેવી અસર', 'સંગ તેવો રંગ' તે કહેવતો અનુસાર માણસના જીવનમાં સોબતનો આગવો પ્રભાવ પડે છે. 'સોબત' શબ્દનું મૂળ અરબી શબ્દ 'સુહબત'માં છે. સોબત એટલે સાથ, મૈત્રી કે સંગ. હિન્દીમાં 'સોહબત' અને અંગ્રેજીમાં 'ફ્રેન્ડશીપ' કે 'કંપની' શબ્દ સોબત માટે પ્રયોજાય છે.

માણસના જીવનમાં સોબતની શરૂઆત ઘરમાંથી થાય છે. બાળકનો જન્મ જે ઘરમાં થાય તે ઘરમાં રહેતા મા-બાપ, દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ, ભાઈ-બહેન વગેરેનો સંગ સૌપ્રથમ થાય છે અને તેની અસર વિશેષ થાય છે. બાળકનો સ્વભાવ અને વર્તન મા-બાપના લોહીમાંથી આવે છે, ઘડાય છે. આમ ઘર એ સોબતની અસરનું પ્રથમ પગથિયું છે.

સોબતનું બીજું પગથિયું ફળિયું, શેરી કે સોસાયટી છે. ત્રીજું પગથિયું શાળા છે. ફળિયું-શેરી કે સોસાયટી અને શાળામાં વડીલો-શિક્ષકોની સાથે મિત્રોની સોબત થાય છે. ઉંમર વધતાં-સમજણ વધતાં પોતાને ગમે તેવાનો, ઘણીવાર લાભ થાય તેવાનો, સંગ વધે છે. જેમાં કેટલાંક સન્મિત્રો, સદાચારીની સાથે કુમિત્રો કે દુરાચારી પણ હોઈ શકે છે. કવિ દલપતરામ સન્મિત્ર સંદર્ભે ગાય છે કે,

*'વદે મુખ મધુરવાણી, પ્રથમ કરી પ્રણામ,*
*પાય ગંગાજળ પાણી, પછી સોપારી-પાન,*
*આપી કુશળતા પૂછે, કહે પછી કર જોડી,*
*આગમન કારણ શું છે?'*

સન્મિત્રોનો સંગ જીવનને સદ્ગતિના માર્ગે લઈ જાય છે. 'માલવિકાગ્નિમિત્ર'માં કાલિદાસ કહે છે કે, ''વિદ્વાનોની સંગતિથી મૂર્ખ પણ વિદ્વાન બની જાય છે. જેવી રીતે નિર્મળીના બીજથી ગંદુ પાણી પણ સ્વચ્છ બની જાય છે.'' નારદ જેવા સજ્જનના સંગે વાલિયો લૂંટારો વાલ્મિકી બની જાય છે. તોરલના સંગે બહારવટિયો જેસલ પીર તરીકે પૂજાય છે. 'સુભાષિત વલી'માં વલ્લભદેવ દર્શાવે છે કે, ''ગુણવાન સાથે રહેનાર ગુણહીન પણ સંસારમાં પૂજનીય બને છે.'' ચાણક્ય કહે છે કે, ''દૂધમાં ભળીને પાણી પણ દૂધ જેવું લાગે છે.'' 'વૃન્દન સતસઈ' ગ્રંથમાં લખ્યું છે કે, ''જેને ઉત્તમની સંગતિ મળી છે તે ઉત્તમ જ બને છે.'' આથી જીવનમાં સારા, સદ્ગુણી, ઉત્તમ, વિદ્વાન, ગુણવાનનો સંગ કરવો જોઈએ જે જીવનને ઉચ્ચતા તરફ દોરી જાય. મીરાંબાઈ ગાય છે કે,

*''હંસલાની સાથે વીરા, સંગ તું કરીએ,*
*ભેળા બેસીને, મોતી ચરીએ.*
*સાધુની સંગતે વીરા, સાધુ કહેવાઈએ,*
*નિત્ય નિત્ય ગંગાજીમાં ન્હાય રે.''*

હંસ (સદ્ગુણી) જેવા વ્યક્તિનો સંગ મોતીડા (સદ્ગુણો) અપાવે. સાધુનો સંગ પવિત્રતા (ગંગાજી) તરફ દોરી જઈ સાધુ (પવિત્ર-સદ્ગુણી) બનાવે. આથી જ ગંગાસતી પાનબાઈને ઉપદેશ આપે છે કે,

''શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ, જેના બદલે નહીં વ્રતમાન રે.''

વાલ્મિકી રામાયણમાં લખ્યું છે કે, ''સજ્જન પુરુષની સંગતીરૂપી ચંદ્રિકા, જે રસાયણમય, શીતલ અને પરમ આનંદદાયક છે (તે) કોને આનંદિત કરતી નથી... વિદ્વાન પુરુષના આગમનથી નિર્જન સ્થાન પણ હર્યુંભર્યું બની જાય છે. મૃત્યુ પણ ઉત્સવ જેવું બની જાય છે અને આપત્તિ પણ સંપત્તિ સમાન બની જાય છે.'' આમ સજ્જન વિદ્વાન જ્યાં હોય ત્યાં સ્વયં લોકો જતાં નિર્જનતા રહેતી નથી. મૃત્યુ સમયે જ્યાં સજ્જન હોય ત્યાં દુઃખમયતાને તેઓ દૂર કરી સ્વસ્થતા-સગવડતા આપીને આનંદરૂપી ઉત્સવમાં પરિવર્તિત કરે છે. એટલે જ કહેવાયું છે કે, ''જેણે શીતલ-શુભ્ર સજ્જનની સંગતિરૂપી ગંગામાં સ્નાન કરી લીધું છે એને દાન, તીર્થ, તપ તથા યજ્ઞથી શું લાગે વળગે છે.''

મહાભારતમાં કહેવાયું છે કે, ''મહાપુરુષ સાથેનો સમાગમ પ્રીતિ વધારનારો છે.'' (આદિપર્વ ૧૬૯-૫૬) ગર્ગસંહિતા (૬૨:૯)માં કહેવાયું છે કે, ''ગંગા પાપીના, ચંદ્રમા તાપના અને કલ્પવૃક્ષ ગરીબાઈના શાપનું અપહરણ કરે છે પરંતુ સત્સંગ પાપ, તાપ અને ગરીબ ત્રણેયનો

 ISSN 0976 – 9609

તત્કાળ નાશ કરે છે.'' આથી જ મહાભારતને અનુસરવામાં શાણપણ છે. ''જે પુરુષો પાસે વિદ્યા, નીતિ અને કર્મ એ ત્રણેય ઉજ્જ્વલ હોય એમની સેવા કરવી જોઈએ. કારણ કે એ મહાપુરુષો સાથે બેસવું એ શાસ્ત્રોના સ્વાધ્યાયથી પણ વધારે છે (વનપર્વ ૧-૨૭) હર્ષ પ્રિયદર્શિકામાં-''કોઈપણ વસ્તુ મહાનનો આશ્રય મેળવીને ઉત્કર્ષ પ્રાપ્ત કરી શકે છે'' તેમજ કાલિદાસ 'કુમારસંભવ'માં-શ્રેષ્ઠની સંગતિ સૌનું બળ બને છે (૧૫-૫૧). તો કોની સોબત કરશો? વિચારો.

સારા-સન્મિત્ર, વિદ્વાન, સાધુના સત્સંગથી જીવનમાં સદ્‌માર્ગ-સદ્‌ગતિ મળે છે. જે માર્ગે ચાલીને માનવ ભગવાન સમીપે જઈ શકે છે. જ્યારે કુસંગ જીવનમાં આપત્તિઓ સર્જી અધોગતિ તરફ લઈ જાય છે. દલપતરામ કહે છે કે,

*''મૂરખ મિત્રો મળે, ગાળ દઈ ગમ્મત કરશે,*
*મારી પરસ્પર વાત-વાતમાં મશ્કરી કરશે.''*

'ખરાબ સોબત' વિશે દલપતરામ કહે છે કે,

*''ભલે વઘાર ભાતમાં, લગાર જે લવિંગનો,*
*ટળે ન ટાળતાં જ તે ન હોય ગંધ હિંગનો,*
*સફેદ વસ્ત્ર શ્યામ થાય, શ્યામ રંગ સંગમાં.''*

દારૂડિયાના સંગમાં રહેનાર દારૂડિયો, જુગારીના સંગમાં રહેનાર જુગારિયો, અફીણીના સંગમાં રહેનાર અફીણિયો ગણાય છે. કહેવાયું છે કે, ''ગધેડાની સાથે ઘોડો બાંધીએ તો ભૂંકે નહીં, પણ લાતો મારતા તો શીખે જ.'' કહેવત છે કે 'અન્ન તેવો ઓડકાર' શકુનિનો સંગ દુર્યોધનને અતિ દુષ્ટતાને માર્ગે લઈ જાય છે. જો તેણે ભીષ્મ કે વિદુરનો સંગ કર્યો હોત તો તે ઉત્તમતાને માર્ગે જઈ પરિવારને ઉન્નતિ તરફ દોરી જઈ શક્યો હોત. તેવું જ કૈકેયી પર દુષ્ટ મંથરાનો પ્રભાવ તેને પ્રિય હતા તે રામને વનમાં મોકલી, ભરતને રાજસિંહાસન અપાવવામાં પતિ દશરથ સાથે પુત્ર ભરતનો પણ પ્રેમ મેળવી શકતી નથી. સ્વાર્થ પરમાર્થને ભૂલાવી દે છે. રઘુવંશમાં સજ્જનો વિશેષ હતા તેથી પરિવાર સચવાયો. એક કવિએ ગાયું છે કે,

*''સોબત કરતાં શ્વાનની, બે બાજુનું દુઃખ,*
*ખીંજ્યું કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ.''*

ખરાબ સોબતમાં જો તે કુમિત્ર ખીજાય તો કાપાકાપી થાય અને રીઝે તો મૃત્યુ નજીક હોય તેવું જ કાર્ય સોંપે. જે શાંતિ તો ન આપે પણ જીવન નષ્ટ કરે. આમ ખરાબ સોબત બન્ને બાજુથી નુકસાનકારી બને છે. આથી જ શંકરાચાર્ય કહે છે કે, ''મૂર્ખાઓ, નીચ, દુષ્ટ અને પાપીઓ સાથે સંગ કે નિવાસ ન કરવો.'' દાસી જીવણ ગાય છે કે,

*''દોરંગાની સાથે નવ બેસીએ જી,*
*એમાં પત પોતાની જાય રે.''*

તુલસીદાસ 'કૃષ્ણ ગીતાવલી'માં કહે છે કે, ''જેને બાળવામાં આવતા નથી એવા લાકડાં (બહેડાં, બબુલ વગેરેના) પણ દેવતામાં પડવાથી બળી જાય છે, એ આખું જગત જાણે છે.'' મહાભારત કહે છે કે, ''અધમ લોકોનો સંગ કરવાથી મનુષ્યોની બુદ્ધિ નષ્ટ થાય છે. મધ્યમ શ્રેણીના લોકોનો સાથ કરવાથી મધ્યમ રહે છે અને ઉત્તમ પુરુષોનો સંગ કરવાથી ઉત્તરોત્તર શ્રેષ્ઠ થાય છે.'' (વનપર્વ ૧-૩૦) ''કપડાને રંગથી રંગીએ તો તે રંગ જવું જ થાય છે. એવી જ રીતે જો કોઈ સંત કે અસંત, તપસ્વી કે ચોરની સેવા કરે છે તે તેને વશ થઈ જાય છે.'' (ઉદ્યોગપર્વ ૩૬-૧૦) પંચતંત્રમાં વિષ્ણુ શર્મા કહે છે કે, ''દુષ્ટોની સંગતિથી સજ્જન પણ બગડી જાય છે.'' કબીર ગાય છે કે,

*''કબીર તન પંછી ભયા, જહાં મન તહાં ઊડી જાય,*
*જો જૈસી સંગતિ કરે, સૌ તૈસે ફલ પાઈ.''*

આમ કોલસાના ધંધામાં હાથ કાળા જ થાય છે. બાવળ વાવીને કેરીની આશા ફળતી નથી. ખરાબ સોબતથી દુર્ગતિ થાય છે. ત્યારે આપણે સૌએ સજ્જનોની સોબત કરી, જીવનને સન્માર્ગે દોરી જઈને શ્રેય અને પ્રેમ પામી શકીએ. તે અંગે ચિંતન કરીને સજ્જનોની સોબત-સંગ-મિત્રતા કરવી જોઈએ. કેટલાકના નામ પણ કેટલાયના જીવનને તારી દેતાં હોય છે. તેવા દાખલા આપણી સમક્ષ છે જ ત્યારે શીલવંત, સજ્જન, સદ્‌ગુણી, સત્‌માર્ગીનો સંગ કરીને જીવનને મ્હેંકતું કરવામાં જ જીવનનો સાર છે. ભગવાન સૌને સદ્‌બુદ્ધિ આપી સુસંગ કરાવે તેવી પ્રાર્થના.

---

નિવૃત્ત એસોસિયેટ પ્રોફેસર, ૧૦, વૃંદાવન બંગલોઝ, ધારાનગરી રોડ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

## દુષ્કાળ બલિ

**પ્રવીણ ગઢવી**

અંગ દેશમાં લોમપાદ રાજાનું રાજ્ય હતું. લોમપાદ અત્યંત ઉદાર અને પ્રજા વત્સલરાજા હતા. યજ્ઞ-યાગ, હોમહવન, બ્રાહ્મણોને દાન તો ખરા જ, પરંતુ તેઓ કૃષિવલો અને દરિદ્ર લોકોનું પણ ધ્યાન રાખતા હતા. એમના રાજ્યમાં કોઈપણ ભૂખ્યું ન સૂએ તે જોવાનો સમાહર્તાઓને આદેશ હતો.

અંગ દેશ પર ઈન્દ્રની અઢળક કૃપા હતી. એક તો દેશની મધ્યમાં ગંગા નદી જલના આશીર્વાદ આપતી વહેતી હતી. ભૂમિ રસાળ અને સમૃદ્ધ, નિયમિત વર્ષા થતી અને શાલિ, ગૌધૂમ, ચણક માષ, તિલ વગેરે પુષ્કળ પાકતાં. રાજા અને લોકોના કોઠાર ધાન-ધાન્યથી ભરપૂર રહેતા હતા.

પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ઈન્દ્રદેવ રિસાઈ ગયા હતા. વર્ષાનું એક ટીપું પણ પડ્યું ન હતું. આભ મેઘથી ઊભરાઈ જાય. રાજા લોમપાદ અને લોકો ચાતકની જેમ જલબિંદુ માટે પ્રતીક્ષા કરે, પણ એક ટીપાનું પણ દાન કર્યા વગર મેઘ પાંચાલની દિશામાં વહી જાય. પાંચાલમાં ધોધમાર વરસે અને અંગ દેશમાં એક ટીપું પણ નહીં! તૃષાની મારી ધરતી ફાટી ગઈ હતી, તરફડતી હતી.

રાજા લોમપાદના અને લોકોના કોઠાર ખાલી થઈ ગયા હતા. અન્ન તો કેટલું ચાલે? સુવર્ણ, રત્ન, માણેક-મોતીનો સંગ્રહ થઈ શકે પરંતુ અન્નનો ન થઈ શકે, સડી જાય.

રાજા લોમપાદે તમામ ઉત્સવો પર પ્રતિબંધ મૂક્યો હતો. રાજપ્રાસાદમાં મદ્ય માંસાહારનો નિષેધ કરવામાં આવ્યો હતો. રાજ્યની પ્રજાની ચિંતામાં લોમપાદની નિદ્રા હણાઈ ગઈ હતી.

'મહાઅમાત્ય સૂરસેનજી, કંઈ ઉપાયો કરો.' રાજા લોમપાદ મહાઅમાત્યને આદેશ આપવાને બદલે વિનંતી કરતા હતા. 'મહારાજ, આપણે પાંચાલ અને વંગદેશથી અન્ન આયાત કરવાના ઘણા પ્રયાસ કર્યા, પરંતુ વંગદેશનું અન્ન દસ્યૂઓ લૂંટી ગયા. પાંચાલનું અન્ન ગંગામાં ડૂબી ગયું. શું કરવું? તામ્રલિપ્તનાં જલયાન સમુદ્ર ગળી ગયો. કામરૂપથી આવતાં શકટના બલિવર્દ રોગચાળામાં મરી ગયા. હવે શું કરીએ?'

'એમ કરો, બ્રાહ્મણોની સભા બોલાવો. એમને પૂછો, કંઈક ઉપાય મળી આવશે.' રાજા લોમપાદને બ્રાહ્મણોની બુદ્ધિશક્તિ પર અતિ વિશ્વાસ હતો.

'જેવી આજ્ઞા, મહારાજ.' મહાઅમાત્ય સૂરસેને હાથ જોડી, મસ્તક નમાવ્યું. જો કે લોકો વાતો કરતા કે લોમપાદ બ્રાહ્મણો સંતુષ્ટ થાય તેવું દાન નહોતા કરતા એટલે જ દુષ્કાળ પડ્યો હતો. પરંતુ બ્રાહ્મણો તો કદાપિ સંતુષ્ટ થતા જ નથી!

બ્રાહ્મણોની સભા મળી. મોદકમ્‌થી તૃપ્ત કર્યા પછી મહાઅમાત્યે દુષ્કાળની પરિસ્થિતિ વર્ણવી. રાજા લોમપાદ રાતદિન પ્રજાની ચિંતા કરે છે અને નિદ્રા પણ લઈ શકતા નથી. ઈન્દ્રને રીઝવવા, પર્જન્ય યજ્ઞ પણ કર્યા. રુદ્રાભિષેક યજ્ઞ પણ કર્યો. આપણે ઈન્દ્રને રીઝવવા સર્વ યજ્ઞો કરી ચૂક્યા છીએ, તે આપ સર્વે જાણો જ છો પરંતુ કોઈપણ પ્રકારે ઈન્દ્ર દેવ રીઝાતા નથી.

આખરે લોમશ ઊભા થયા. બ્રાહ્મણોના તે મહત્તર હતા. 'મને એક ઉપાય સૂઝે છે.'

'ત્વરિત કહો, બ્રહ્મદેવ!' રાજા લોમપાદ ઉત્તર માટે અધીર થયા.

'દક્ષિણ અરણ્યમાં કશ્યપ પુત્ર વિભાણ્ડક ઋષિના પુત્ર ઋષ્યશૃંગ વસે છે. તે બાલ બ્રહ્મચારી છે. તેમણે સ્ત્રી નામની વસ્તુ જોઈ નથી. જો તેમને આપણા અંગ દેશમાં લાવવામાં આવે તો ઈન્દ્ર દેવ પ્રસન્ન થાય અને વર્ષા થાય.'

'પેલો ઋષ્યશૃંગ? માથે શૃંગ વાળો? મૃગીપુત્ર?' કોઈ બ્રાહ્મણે ટીખળ કરી.

'એવું કંઈ નથી, લોકાપવાદ છે કે વિભાણ્ડક ઋષિ કોઈ મૃગીને મોહ્યા હતા. મૃગી સાથે સંભોગ કર્યો તો ઋષ્યશૃંગનો જન્મ થયો. કિંતુ આ સંભવ નથી. વાસ્તવમાં ઋષિએ આશ્રમમાં આવતી કિરાત કન્યા સાથે સંવનન કર્યું અને તેનાથી પુત્ર જન્મ્યો. અને તેમણે રાખી લીધો. એ જ ઋષ્યશૃંગ.' લોમશે સ્પષ્ટતા કરી.



ISSN 0976 – 9609

'તો એમાં કઈ મોટી વાત છે? આપણે એમને નિમંત્રણ આપીએ.' સેનાધ્યક્ષ બોલ્યા.

'ના, સરસેનાપતિજી, એવું સરળ આ કામ નથી. વિભાણ્ડક ઋષિએ એમને આજીવન બ્રહ્મચારી રાખવા નિર્ધાર કર્યો છે. આજ સુધી એમની દૃષ્ટિએ કોઈ સ્ત્રી પડવા દીધી નથી. મનુષ્ય સ્ત્રી જુએ, તો તેને વિકાર થાય ને? પોતાને કિરાત કન્યાથી વિકાર થયો એટલે ઋષ્યશૃંગની દૃષ્ટિએ મયૂર સંવનન, કપોત સંવનન કે મૃગ સંવનન ન પડે તેની પણ કાળજી રાખે છે. ઋષ્યશૃંગ વિકાર રહિત છે, એટલે એમનું માહાત્મ્ય છે.' લોમશે સમજાવ્યું.

'તો શું કરીએ?'

'વિભાણ્ડક ઋષિ સંમતિથી તો અરણ્ય બહાર પગ મૂકવા ન દે. તેથી તેમનું હરણ કરવું પડે.'

'એ તો સેનાનું કામ.' સેનાધ્યક્ષ પ્રસન્ન થઈ ગયા.

'ના, એવું હરણ નહીં. એમને પ્રસન્ન કરી મોહિની મોહ ઉત્પન્ન કરી અહીં લાવવા પડે અને-'

'બોલો, બોલો, અટકી કેમ ગયા બ્રહ્મદેવ?' રાજા લોમપાદ અધીરા થયા.

'આપ કોપાયમાન ન થાઓ, તો કહું!' લોમશે હાથ જોડ્યા.

'અરે ભૂદેવ, આપ દુષ્કાળનો ઉપાય બતાવો અને હું કોપાયમાન થાઉં, એવું કેવી રીતે બને?' રાજા લોમપાદ હસી પડ્યા.

'વાત એવી છે, મહારાજ!' લોમશ પાછા અટકી ગયા.

'ભલે ગમે તેવી વાત હોય, તમે કહો!' લોમપાદે વિશ્વાસ આપ્યો.

'આપણે કોઈ પણ્યાંગનાને મોકલી એમને મોહિત કરી અહીં લાવીએ. પછી એમની સાથે.....' લોમશ પાછા અટકી ગયા.

'બોલો, બોલો...' રાજ પુરોહિતથી પણ ન રહેવાયું.

'રાજકુમારી શાંતાદેવી સાથે એમનાં લગ્ન...'

'શું?' લોમપાદ એકદમ ચોંકી ગયા.

'હા, મહારાજ! ક્ષમ્યતામ્, પરંતુ ઋષ્યશૃંગને આપના જામાતા બનાવશો તો જ વર્ષા થવા સંભવ છે.' લોમેશે સ્પષ્ટ વાત કરી.

સભા સ્તબ્ધ થઈ ગઈ. લોમપાદ થોડીવાર નીચું જોઈ રહ્યા પછી બોલ્યા, 'ભલે, રાજ્ય પરના દુષ્કાળનો શાપ દૂર થતો હોય, તો તેમ કરવા હું સંમત છું.'

'મહારાજ લોમપાદનો જય હો!' સમગ્ર સભા પોકારી ઊઠી.

શાંતા તેર વર્ષની થઈ ગઈ હતી. પુષ્પવતી થઈ ગઈ હતી. મહાઅમાત્ય સૂરસેનના પુત્ર અંશુમાનના હૃદયમાં શાંતા વસી ગઈ હતી અને શાંતાના હૃદયમાં અંશુમાન.

રાજસભામાં દુષ્કાળ નિવારણ અર્થે તાતે આપેલા વચનની વાત સાંભળતાં જ શાંતાનું હૃદય બેસી ગયું. 'હું પુત્રી એટલે ગોદાનની જેમ મારું પણ દાન?' એ દોડતી માતા હિરણ્યા પાસે ગઈ અને તેના ખોળામાં પડતું મૂક્યું અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

'મા, કૃપા કરી મને બચાવ. મારું બલિદાન ન થવા દે. હું અંશુમાનને મનથી વરી ચૂકી છું. અંશુમાન વિના હું જીવી નહીં શકું.'

'શાંત થા બેટા! તું જાણે છે, તારા તાતને તું કેટલી પ્રિય છે, પરંતુ પ્રજા રાજાના સંતાન સમી છે. પ્રજા અત્યારે દુષ્કાળથી ત્રાહિમામ છે, શિશુઓ ભૂખે મરી રહ્યાં છે, ગૌ પણ ભૂખે તરસે મરી રહી છે. દુષ્કાળ નિવારણ કર્યા સિવાય કોઈ આરો ઓવારો નથી. જો આ વર્ષે પણ દુષ્કાળ પડે તો સમગ્ર પ્રજાનો નાશ થવા સંભવ છે. તું તારા તાતને સમજવાની કોશિશ કર. બહુ ભારે હૃદયે એમણે ઋષ્યશૃંગ સાથે તારા લગ્ન કરવાની સંમતિ આપી છે. એ પણ આવીને તારી જેમ જ વિલાપ કરતા હતા.'

'પણ આવું તે હોતું હશે? ઋષ્યશૃંગને પણ્યાંગનાઓ બોલાવી લાવે એટલું પૂરતું છે, ભલે એ પણ્યાંગનાઓ ભોગવે.' શાંતા બોલી.

'બેટા, આ બ્રાહ્મણોની આર્ષવાણી છે, અનુભવવાણી છે. એમાં મને, તને અને તારા તાતને સમજ ન પડે. દુષ્કાળ એટલો તો ભીષણ છે કે ડૂબતો માણસ તૃણ પકડે તેમ તારા તાત તારો વિવાહ ઋષ્યશૃંગ ઋષિ સાથે કરવા સંમત થયા છે, બેટા!'

'ના, પણં હું સંમત નથી થવાની. હું તો અંશુમાનને જ વરીશ.'

'બેટા, પ્રજા માટે રાજ પરિવારે બલિદાન આપવા જ પડે છે, તું સમજવાનો પ્રયાસ કર. રાજા એમનેમ નથી થવાતું.'

૦ ૦ ૦

શાંતા અંશુમાનને મળીને એને વળગી જ પડી.

'ચાલ અંશુમાન, આપણે ક્યાંક ચાલ્યા જઈએ.'

'શાંત થા શાંતા, એમ આપણે ક્યાં જઈએ? કોઈ રાજા આપણને આશ્રય ન આપે.' અંશુમાને એની પીઠ પર હાથ પસવાર્યો.

'તો આપણે ગંગામાં ડૂબી મરીએ.'

'જો શાંતા, રાજા માટે રાજકર્તવ્ય પ્રથમ આવે, પછી પરિવાર.'

'પણ ઋષ્યશૃંગના આવવાથી અને મને પરણવાથી જ વર્ષા થાય, એ કેવું?'

'એમાં આપણને સમજ ન પડે. બ્રાહ્મણોની, ઋષિઓની વાણી અગમ્ય હોય છે!'

'એ લોકો ઘણીવાર રાજાઓને તારા ભ્રાતાનું કે ભગિનીનું સંતાન તારો વધ કરશે, એવી ભ્રામક ભવિષ્યવાણીઓ કરતા હોય છે. એમાં નિર્દોષ શિશુઓનો ભોગ લેવાય છે. વાપિમાં જલસ્રાવ ન થાય તો શૂદ્રનો ભોગ લેવાય છે.' શાંતા અશ્રુ લૂછતાં લૂછતાં બોલી.

'તો તું ફસકી ગયો છે, એમ માનવાનું ને?'

'નિઃસહાય છું શાંતા, જો હું રાજાજ્ઞાનો ભંગ કરું તો હું દ્રોહી ગણાઉં. અને માતા તાતને કારાવાસ મળે. શું કરું?'

'તો તું તારા તાતનું અમાત્યપદ સાચવવા માગે છે, મારું હૃદય નહીં, એમ જ ને? જેવું મારું ભાગ્ય!' શાંતાએ પીઠ ફેરવી.

'મને ક્ષમા કર, શાંતા!' અંશુમાને એના સ્કંધ પર હસ્ત મૂક્યો.

૦ ૦ ૦

ચંપાનગરીની લોલાપાંગી નગરવધૂ હતી. યુવાન હતી ત્યારે તે અતિ સૌંદર્યવતી હતી. કિંતુ હવે તેના રૂપનેય ભૂલાવે એવી સ્વરૂપવાન એની પુત્રી તરંગિણી થઈ છે.

રાજઅમાત્ય સૂરસેને લોલાપાંગીને બોલાવી અને તરંગિણીને વિંધ્યારણ્યમાં જઈ ઋષ્યશૃંગ ઋષિને મોહાંધ કરી અત્રે ચંપાનગરીમાં લઈ આવવા આદેશ કર્યો.

'આજ્ઞા શિરોધાર્ય, મહાઅમાત્યજી.' લોલાપાંગીએ મસ્તક ઝૂકાવ્યું.

પરંતુ...

'કેમ અટકી લોલાપાંગી?' રાજઅમાત્ય સૂરસેને પૂછ્યું.

'મહારાજ, મને એક વાતનો ભય લાગે છે.' લોલાપાંગીએ હાથ જોડ્યા.

'શાનો ભય?'

'મહારાજ, આ બ્રાહ્મણો-ઋષિઓ-મુનિઓ અત્યંત ક્રોધી હોય છે. વાતવાતમાં શાપ આપે છે. વિભાણ્ડક ઋષિ અમને શાપ આપી દે તો? અમે તો કામદેવની જેમ ભસ્મ જ થઈ જઈએ ને?'

'હા એ વાત કહેવાની હું ભૂલી ગયો. વિભાણ્ડક ઋષિ ઋષ્યશૃંગને એકાંતમાં રાખે છે. સતત એમના પર ધ્યાન રાખે છે. તેનાથી નારી દર્શન ન થઈ જાય તેની કાળજી રાખે છે, તેથી તેમનાથી છૂપાવીને ઋષ્યશૃંગનું હરણ કરવાનું છે.' સૂરસેને લોલાપાંગીને સમજાવ્યું.

'એ કેવી રીતે બને મહારાજ?'

'તમારે વિભાણ્ડક ઋષિની હરફર પર ધ્યાન રાખવાનું. જેવા એ આશ્રમ બહાર કંઈક કામે જાય, તેવા જ તમારે ઋષ્યશૃંગને મોહાંધ કરવાના છે.' સૂરસેને આખી યોજના લોલાપાંગીને સમજાવી.

લોલાપાંગી તેની રતિ પણ ઈર્ષા કરે તેવી મોહક પુત્રી તરંગિણી અને બીજી દાસીઓને લઈ વિંધ્યારણ્યમાં પહોંચી ગઈ.

વિંધ્ય ગિરિમાળા પર વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું હતું. ચોદિશ કોકિલ અને પપીતા રાગ-રાગિણી છેડી રહ્યા હતા. શાલ્મલિનાં રક્તિમ પુષ્પગુચ્છો પર પક્ષીઓ અને ચિત્રપતંગ ઊડાઊડ કરી રહ્યાં હતાં. કિંશુકના પુષ્પોથી વનમાર્ગ ઢંકાઈ ગયા હતા. પાનખર પછી ફૂટેલાં, તાજા, કુણાં, ચળકતા પર્ણો વચ્ચેથી સુગંધિત શીતલ વાયુ વહ્યા કરતો હતો.

દાસીઓને એણે કિરાત કન્યા જેવી શ્યામવર્ણી બનાવી વલ્કલ પહેરાવ્યાં અને આશ્રમની ફરતે આવેલા સાગ, અર્જુન, અશોક વૃક્ષોના ગાઢ વનમાં ગોઠવી દીધી.

વિભાણ્ડક ઋષિ ફળફૂલ વીણવા જેવા આશ્રમની બહાર નીકળ્યા કે તરત તેમણે સંકેત કર્યો એવી જ લોલાપાંગીએ સોળ શણગાર સજેલી અને કેવળ કંચુકી અને કૌશેયકચ્છ પહેરેલી તરંગિણીને ઋષ્યશૃંગ અશ્વત્થ વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠા હતા, ત્યાં મોકલી દીધી.

ઋષ્યશૃંગને એકાએક કંઈક વિશિષ્ટ સુવાસ આવી. આવી સુવાસ તો વનાંચલના એકેય પુષ્પમાં એમણે અનુભવી નહોતી. પિતા સિવાય કેવળ વૃક્ષો અને પક્ષીઓ જ એમનાં પરિચિત હતાં. એકેએક પુષ્પની સુગંધને તે ઓળખતા હતા. આ સુગંધમાં તો ઉષ્મા હતી, માદકતા હતી.

એમણે આંખો ખોલીને જોયું તો સામે એક માનવમૂર્તિ ઊભી હતી. મનુષ્યને તો શરીરે રોમ હોય છે. આ કિશોરની ત્વચા તો રોમરહિત મૃદુ ગૌરવર્ણની હતી. શિર પર પ્રલંબ કેશ હતા, તેમાં ખોસેલાં કિશુક પુષ્પ પવનમાં ડોલતા હતા. વક્ષ પર બે પુષ્ટ માંસપિંડ હતા, તેને વસ્ત્રથી બાંધ્યા હતા. પુષ્ટ જંઘાઓ હતી. પુષ્ટ નિતંબ હતા. ઋષ્યશૃંગને થયું, તે તો બધું મારા અને તાત જેવું છે, પણ આ બે માંસપિંડ! પાછી તેમાંથી સુગંધ છૂટી રહી હતી. ઋષ્યશૃંગને અનહદ આશ્ચર્ય થયું. 'આ કિશોર જેવું કયું પ્રાણી સન્મુખ આવી ઊભું છે?'

ઋષ્યશૃંગની આંખો ખુલી એવી જ તરંગિણીએ તેનાં સુવર્ણ કંકણ અને ચરણો ધ્રુજાવી કિંકણીનો ધ્વનિ કર્યો અને નૃત્યભંગિ કરી હસ્ત ઊંચા કર્યા.

'આપ કોણ? આપને ત્વચા પર રોમ નથી અને વક્ષ પર બે માંસપિંડ છે. આપ કઈ પ્રાણી જાતિના છો? મને સમજાતું નથી.' ઋષ્યશૃંગે પૂછ્યું.

'અરે, ઋષિવર્ય, હું સ્ત્રી જાતિની છું. દરેક પ્રાણીમાં સ્ત્રી જાતિ અવશ્ય હોય જ!' તરંગિણીએ મધુર ભાષામાં ઉત્તર આપ્યો.

'પણ આ માંસપિંડ શાના માટે?' ઋષ્યશૃંગે ઊભા થઈને તરંગિણીના ઉન્નત ઉરોજ પર તર્જની મૂકી.

'આને સ્તનમંડલ કહેવાય ઋષિવર્ય. તે કામજાગૃત કરે છે અને સંતાનને દુગ્ધપાન પણ કરાવે છે.' તરંગિણીએ સમજાવ્યું.

'મને તો કંઈ સમજાતું નથી, કિંતુ હું દુગ્ધપાન કરી શકું?' ઋષ્યશૃંગે એમ કહી શિર ઝૂકાવ્યું.

'અરે ઋષિવર્ય, તમે મને ભોગવો, મારા ઉદરમાં બાળક પાંગરે, પછી તે જન્મે, ત્યારે એને પીવા માટે સ્તનોમાંથી દુગ્ધની ધારા વહે.' તરંગિણી હસી પડી.

'મને તો આમાંનું કશું જ સમજાતું નથી.' ઋષ્યશૃંગે જટા ખંજવાળી.

'જુઓ, ગૌની સાથે વૃષભ મૈથુન કરે, પછી એને વત્સ આવે છે અને ગૌ દુગ્ધ આપે છે, તે તો આપે આશ્રમમાં જોયું હશે ને?' તરંગિણીએ સમજાવવા પ્રયત્ન કર્યો.

'હા.' ઋષ્યશૃંગે શિર હલાવ્યું. 'પણ મને થાય કે વૃષભ કેમ ગૌને આમ કરતો હશે?'

'તો એવી મનુષ્યમાં પણ ગૌ હોય, સ્ત્રી જાતિ હોય. એ કામનો આનંદ આપે, અને સંતાન પણ આપે. આપની પણ કોઈ માતા તો હશે જ.'

'મને જાણ નથી. પણ આ કામનો આનંદ કેવો હોય?' ઋષ્યશૃંગે પૂછ્યું.

'આવો મારા આશ્લેષમાં, હું અનુભવ કરાવું.' કહી તરંગિણીએ ઋષ્યશૃંગને આશ્લેષમાં લીધા. એવી જ ઋષ્યશૃંગના દેહમાં વિદ્યુત રેખા જેવી ઝણઝણાટી વ્યાપી ગઈ. 'આભની વિદ્યુત લેખા દેહમાંથી પસાર થઈ ગઈ, અંદર જાણે કોઈ સર્પે સળવળાટ કર્યો હોય એમ લાગ્યું.'

'આવો આનંદ, આવો અનુભવ મને ધ્યાન સમાધિ-યોગમાં પણ થયો નથી. તમે અદ્‌ભુત અનુભવ કરાવ્યો, હે સ્ત્રી જાતિ!' ઋષ્યશૃંગ પ્રસન્ન થઈ ગયા. અને હસ્ત લંબાવી તરંગિણીને આશીર્વાદ આપ્યા.

'મારું નામ તરંગિણી છે. હજી તો મેં તમને સ્પર્શનો જ અનુભવ કરાવ્યો છે. કામની અંતિમ સમાધિ તો બાકી જ છે. તમે મારી સાથે આવો, તો કરાવું.'

'ક્યાં આવું?'

'ચંપાનગરીમાં સૌ પૌરજનો આપની કાક ચક્ષુએ પ્રતીક્ષા કરે છે.'

'શા માટે?'

'આપના આગમનથી વર્ષા થશે.'

'એમ? કોણે કહ્યું?' ઋષ્યશૃંગ આશ્ચર્ય પામ્યા.

'નગરના બ્રાહ્મણોએ કહ્યું. આપને રાજકન્યા સાથે પરણાવવાના છે.'

'પરણાવવાના? એ શું? મને કશું સમજાતું નથી.' ઋષ્યશૃંગે ફરી જટા ખંજવાળી. તો તમે જ મને પરણોને!

તરંગિણી હસી પડી. 'હું તો વારાંગના છું. ઋષિવર્ય, મારે પતિ ન હોય. સર્વ કોઈ મને ભોગવી શકે.'

'તો હું જ તમને ના ભોગવું?' ઋષ્યશૃંગે આગળ વધીને તરંગિણીને આલિંગનમાં લીધી. તરંગિણીએ એમના ઓષ્ઠ ચૂમ્યા તો ઋષ્યશૃંગે એના. તરંગિણીએ એમનો હસ્ત સ્તનમંડળ પર ગોઠવ્યો. કિંશુક પુષ્પોની પથારી પર જ સૂઈને એણે ઋષ્યશૃંગને દેહ પર ધારણ કર્યા.

'અનદહ, અનહદ આનંદ...' ઋષ્યશૃંગ પોકારી ઊઠ્યા.

'તો ચાલો મારી સાથે ભોગનગરી ચંપાનગરીમાં.'

'હું તાતની આજ્ઞા લઈને આવું.' ઋષ્યશૃંગ ઊભા થયા. તરંગિણી ગભરાઈ.

'તાત બ્રહ્મચર્યવ્રત ભંગની આજ્ઞા આપશે?'

'નહીં આપે તો ય હું આવીશ.' કહી ઋષ્યશૃંગ આશ્રમમાં ગયા.

o o o

'તાત, મને આજ્ઞા આપો.'

'શી આજ્ઞા માગે છે વત્સ?' વિભાણ્ડક ઋષિએ ગાયોને સ્નાન કરાવતાં પૂછ્યું.

'મારે ભોગનગરી-ચંપાનગરી જવું છે.'

'ભોગનગરી? આ શબ્દ તને કોણે શીખવ્યો?' વિભાણ્ડક ઋષિ ચમક્યા.

'એક સ્ત્રી-વારાંગના-તરંગિણીએ મને ભોગાનંદ આપ્યો છે. મારે તેની સાથે ભોગ ભોગવવા ચંપાનગરી જવું છે.'

'અબ્રહ્મણ્યમ્... અબ્રહ્મણ્યમ્...' વિભાણ્ડક ઋષિએ કાન આડા હસ્ત ધરી દીધા. 'આ તું શું બોલે છે ઋષ્યશૃંગ? તું જાગ્રત છે?'

'હા તાત, તેણે મને અનહદ આનંદાનુભૂતિ કરાવી છે. આવો આનંદ મને સમાધિ અવસ્થામાં પણ પ્રાપ્ત થયો નથી.'

'ઓહ, સર્વનાશ! વત્સ, સર્વનાશ!' વિભાણ્ડકે આકાશ પ્રતિ હસ્ત ઊંચા કરી પોકાર કર્યો. 'સ્ત્રી તો નરકદ્વાર. હું તને તેનાથી રક્ષવા માગતો હતો. પરંતુ હરિણી-શી કિરાતકન્યામાં હું મોહ્યો હતો, એમ તું પણ લપસ્યો લાગે છે. વત્સ, એ મોક્ષ માર્ગ નથી, નથી.' વિભાણ્ડકે સ્વહસ્તથી મુખ ઢાંકી દીધું.

'તાત, મને મોક્ષ માર્ગ કરતાં મોહમાર્ગ વધુ મોહક, આનંદદાયી ભાસ્યો છે.' ઋષ્યશૃંગે વિચલિત થયા વિના ઉત્તર આપ્યો.

'જે હું નહોતો ઇચ્છતો તે જ થયું. જેવી ઋતના સ્વામીની ઇચ્છા. તને સ્ત્રીથી દૂર રાખવા મેં કેટલો પરિશ્રમ


ISSN 0976 – 9609

કર્યો હતો? સર્વ વ્યર્થ!' વિભાણ્ડક ઋષિની આંખોમાં ઝળહળિયાં આવી ગયાં. 'જા, વત્સ, જા. મારું ધ્યેય નષ્ટ થયું. હવે તું આશ્રમમાં મારી પાસે રહે કે ન રહે, કશો જ ફેર પડતો નથી. જા, શિવાસ્તે પંથાન્...' વિભાણ્ડક ઋષિએ ઋષ્યશૃંગના શિર પર હાથ મૂકી આશીર્વચન ઉચ્ચાર્યાં અને તરત જ પીઠ ફેરવીને ચાલતા થયા.

o o o

ચંપાનગરીમાં ઋષ્યશૃંગના આગમનથી હર્ષ વ્યાપી ગયો. પ્રજાને થયું, હાશ આ અષાઢે વર્ષા અવશ્ય થશે જ! રાજા લોમપાદે ઋષ્યશૃંગનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. રાજ્યમાં સાત દિવસના મહોત્સવની ઘોષણા કરી, મધુશાલાઓને ખુલ્લી મૂકવાના આદેશ કર્યા.

o o o

ઋષ્યશૃંગ સાથે શાંતાના લગ્ન ધામધૂમ સાથે થયાં. આખા લગ્નપ્રસંગની વ્યવસ્થા અંશુમાને સંભાળી હતી.

લગ્નવિધિ પછી શાંતાએ તાતના આશીર્વાદ લેવા ચરણસ્પર્શ કર્યો એવી જ રાજા લોમપાદે એને છાતી સરસી ચાંપી દીધી.

'બેટા, સુખી થજે, શતપુત્રવતી થજે. અખંડ સૌભાગ્યવતી ભવ.'

'તાત, આપે મારા મનની વાત જાણી પણ નહીં, પૂછી પણ નહીં?' શાંતાની આંખમાં અશ્રુ ઊભરાયાં.

'બેટા, મારી પ્રજાને હું દુઃખી જોઈ શકતો નહોતો એટલે જ મારે આવો કઠોર નિર્ણય લેવો પડ્યો છે. બેટા મને ક્ષમા કર.'

'આપણી આર્ય સંસ્કૃતિમાં સ્ત્રીની મનોવાંચ્છના પૂછવાની-જાણવાની આમેય ક્યાં પ્રથા છે? સુકન્યાને ચ્યવનઋષિ સાથે, સત્યવતીને ઋચીક ઋષિ સાથે, રેણુકાને જમદગ્નિ સાથે, અહલ્યાને ગૌતમઋષિ સાથે તો લોપામુદ્રાને અગસ્ત્યઋષિ સાથે પરણાવી.' શાંતાએ હૃદયની વરાળ કાઢી.

'બસ, બેટા બસ... ક્ષમા કર.'

રાજા લોમપાદ આંખો લૂછતાં અવળું ફરી ગયા.

o o o

શયનખંડ પારિજાતનાં પુષ્પોથી શણગાર્યો હતો. દીપમાલાઓમાંથી ધૂપની સુગંધ આવી રહી હતી. છત્રપર્યંક પર સ્નિગ્ધ કૌશેય મઢેલાં આસંસ્તર પાથરેલાં હતાં. વીણાવાદિનીઓ શયનખંડ બહાર વીણાના સૂર છેડી રહી હતી.

પારદર્શક કૌશેય વસ્ત્રોમાંથી દીપમાલાના પ્રકાશમાં શાંતાનો કમનીય દેહ દેખાતો હતો. ત્યાં ઋષ્યશૃંગ પ્રવેશ્યા. શરીર પર ભસ્મને બદલે ચંદનનો લેપ કર્યો હતો. મૃગચર્મને બદલે કૌશેયનું અધોવસ્ત્ર વીંટ્યું હતું. વક્ષ ખુલ્લું હતું. તેના પર ઉપવીત શોભતી હતી. ઋષ્યશૃંગના સ્કંધ વૃષભ જેવા વિશાળ હતા.

'ઓ! આપ દેવી કોણ?' શાંતાને જોતાં જ ઋષ્યશૃંગ ચમક્યા.

'હું લોમપાદ પુત્રી શાંતા.'

'અરે, પણ દક્ષિણારણ્યમાં આવ્યા હતા, તે આપ નથી દીસતાં.'

'એ તો ચંપાનગરીની નગરવધુ તરંગિણી હતી. હું તો રાજકન્યા છું અને હવે આપની વધૂ.'

'એમ? તમારે પણ વક્ષ પર માંસપિંડ છે?'

શાંતાએ હસીને વક્ષ પરથી કૌશેય વસ્ત્ર હટાવ્યું.

'જે હોય તે, પિતાએ સોંપેલા નિમેલા મારા પતિ છે.' શાંતાએ મન મનાવી લીધું. 'અંશુમાન ભીરુ નીકળ્યો. શું થાય?' એણે અંશુમાનને ભૂલવા પ્રયાસ કર્યો.

o o o

અષાઢ માસ આવ્યો. આકાશમાં વિદ્યુત રેખા દેખાઈ. લોકોને ધ્રાસકો પડ્યો. 'આ વર્ષ પણ કોરું જશે કે શું?'

'ના, ના, ઋષ્યશૃંગનું બ્રહ્મતેજ અવશ્ય વર્ષા લાવશે જ.' લોકોને શ્રદ્ધા હતી.

રાજા લોમપાદ પણ ચિંતામાં હતા. બીજા દિવસે સવારે વાદળ ઊમટવા માંડ્યા. સંધ્યાકાળ થતાં પહેલાં તો

આકાશ ઘનઘોર થઈ ગયું. વિદ્યુત ચમકારા લેવા લાગી. કડાકા થવા લાગ્યા. ભયથી કાંપતા મયુરોએ કેકારવની ઝડી વરસાવવા માંડી.

શાંતાને થયું, 'વર્ષાનું એક પણ બિંદુ ન પડે તો સારું. બ્રાહ્મણો ખોટા પડે. ઋષ્યશૃંગને કારણે વર્ષા થશે એવી અંધશ્રદ્ધા ટળે. કાક તાલીય ન્યાય ન થાય.' પરંતુ પાછું શાંતાનું મન પલટાયું. 'અરેરે, પ્રજા તરસે મરે છે... ભલે પડે વર્ષાનું જળ ભૂખી તરસી ધરતી પર... મારા આત્માનો, દેહનો બલિ સાર્થક થાઓ. હે ઈન્દ્ર, વર્ષાઋતુમાં બંધાયેલા મેઘોને મુક્ત કરી જળ વરસાવો.' શાંતાએ આંખો મીંચી આભને હાથ જોડ્યા. ત્યાં તો વર્ષાબિંદુ આભથી ઝરવા માંડ્યા. શાંતાએ હથેળીમાં ઝીલવા માંડ્યા અને ઋષ્યશૃંગને હાક મારી.

૦ ૦ ૦

ઋષ્યશૃંગને મળવા વિભાણ્ડક ઋષિ આવ્યા, ત્યારે અંગદેશમાં વર્ષા થઈ ચૂકી હતી. ચોદિશ શાલિનાં હરિતક્ષેત્રો પથરાયેલાં હતાં. રસ્તે મળ્યા તે લોકો પ્રસન્ન હતા. 'આપના સુપુત્ર ઋષ્યશૃંગને કારણે જ પાંચ વર્ષે વર્ષા થઈ.' વિભાણ્ડક આવું સાંભળી પ્રસન્ન થયા.

ચંપાનગરી આવી રાજા લોમપાદ, પુત્ર ઋષ્યશૃંગ અને પુત્રવધુ શાંતાને આશીર્વાદ આપ્યા. 'પુત્રવતી ભવ...'

પુત્ર ઋષ્યશૃંગને આશ્લેષમાં લીધો. પછી બોલ્યા, 'બેટા, તેં આશ્રમત્યાગ કર્યો ત્યારથી હું અશાંત થઈ ગયો છું. હોમાનલ પેટાવતાં અને યોગાસને બેસતાં જ તારું તીવ્ર સંસ્મરણ થાય છે. ઋષ્યશૃંગ મારું પતન થયું છે, તું મારો ઉદ્ધાર કર.'

'શું કરું તાત?'

'તું આશ્રમે પાછો આવ. તારું કાર્ય પૂરું થયું છે. વર્ષા થઈ ગઈ છે.'

'ના, તાત, એ શક્ય નથી. હું અહીં લોમપાદ, પ્રજા અને શાંતાના મોહમાં બંધાયેલો છું.'

'પુત્ર, બસ મને એક વચન આપ. તને પુત્ર થાય ત્યારે તું આશ્રમે પાછો આવીશ.'

'તાત...'

'હવે એક શબ્દ પણ ન બોલીશ વત્સ.' વિભાણ્ડકે ઋષ્યશૃંગના ઓષ્ઠ પર હાથ મુકી દીધો.

૦ ૦ ૦

નવ માસે શાંતાને પુત્ર થયો.

'શાંતા, હવે તારો અને મારો સંબંધ પૂરો થયો. મેં સંસાર ભોગવી લીધો. હવે પિતાને આપેલા વચનપાલન અર્થે હું આશ્રમ ચાલ્યો જઈશ.' ઋષ્યશૃંગે વિદાય માટે શાંતાની અનુજ્ઞા માગી.

'તમ પુરુષોને ક્યાં કશા બંધન છે? મન ફાવે ત્યારે સંસાર વસાવો અને મનફાવે ત્યારે સંન્યાસ લો!' શાંતા રોષે ભરાઈ. 'સ્ત્રીઓ તો તમારી દાસી, એણે તો બંધનમાં જ રહેવાનું.'

'શાંતા મને જાણ થઈ છે કે તું અમાત્યપુત્ર અંશુમાન સાથે વિવાહ ઇચ્છતી હતી. હવે તું તેની સાથે વિવાહ કર. તને કૌમાર્ય પાછું આપું છું.' ઋષ્યશૃંગે આશીર્વાદ આપવા હસ્ત ઊંચા કર્યા.

'આભાર, આપના ઔદાર્ય માટે!' શાંતાએ કટાક્ષ કર્યો. 'અમારે તો તમે લોકો-પુરુષો કહો તેમ જ કરવાનું ને? જાઓ, હું અંશુમાન સાથે પરણીશ!' એમ બોલી શાંતા શયનખંડમાં ચાલી ગઈ.

૦ ૦ ૦

આસવલોક, ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાછળ,
ગાંધીનગર-૩૮૨૦૦૭, મો.૯૯૭૯૮ ૯૩૯૯૦

 ISSN 0976 – 9609

## વર્ષાઋતુ આહારવિધિ

કુંદન ચૌધરી, ગાયત્રી ગંધે, દક્ષા રાઠોડ

આયુર્વેદ સંહિતામાં ઋતુચર્યાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આયુર્વેદના પ્રાથમિક સિદ્ધાંતમાં રોગી વ્યક્તિ માટેના ઉપચાર જ નહીં, પરંતુ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થની રક્ષા માટેના પણ ઉપાય વર્ણવેલ છે. આયુર્વેદ ગ્રંથમાં પ્રત્યેક ઋતુ માટે વિશેષ આહાર-વિહારનું નિર્ધારણ કરેલ છે, જેનું અનુસરણ કરવું સ્વાસ્થ્ય માટે વિશેષ લાભદાયી છે.

આયુર્વેદ પ્રમાણે વર્ષમાં છ ઋતુઓ આવે છેઃ શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમંત. દરેકના બે-બે મહિના હોય છે. શ્રાવણ, ભાદરવો વર્ષાઋતુ ગણાય છે. જેમાં જુલાઈથી મીડ સપ્ટેમ્બરનો ગાળો આવે છે.

આ વર્ષાઋતુમાં જઠરાગ્નિ નબળો પડે છે. વાદળો અને ભેજને કારણે શરીરના દોષોમાં સંતુલન બગડે છે. સામાન્ય રીતે આપણે જે ખોરાક કાયમ લેતાં હોઈએ તે ખોરાક આ ઋતુમાં પણ લઈએ છીએ, પણ ઋતુના ફેરફારના કારણે નબળો પડેલ જઠરાગ્નિ, ખોરાકને બરાબર પચાવી ના શકવાને કારણે આમદોષ પેદા થાય છે અને તે પિત્તને ઝડપથી બગાડીને એસિડીટી, તાવ, માથાનો દુઃખાવો, શીળસ વગેરે સમસ્યાઓ પેદા કરે છે. માટે જ મોટા ભાગના ધાર્મિક તહેવારો-ઉપવાસ-નિયમો આ સમયગાળામાં આપતાં હશે. આ ઋતુ સંધિકાળ છે. કોઈપણ ઋતુ સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. એ વખતે શરીરમાં દાખલ થયેલાં પેરેસાઈટ્સ, બેક્ટેરિયા, વાયરસને મોકળું મેદાન મળી જાય છે.

સ્વાસ્થ્ય માટે વરસાદની આ ઋતુ ઘણી સંવેદનશીલ હોય છે. આ માટે વરસાદની સૌથી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદમાં આ ઋતુ-વર્ષા કાળમાં બીમારીઓથી બચવા માટે કેટલીક મહત્ત્વપૂર્ણ સાવધાનીઓ બતાવવામાં આવી છે. આયુર્વેદમાં માન્યતા છે કે વર્ષાઋતુમાં આપણા શરીરમાં વાયુનો વિશેષ પ્રકોપ તથા પિત્તનો સંચય થાય છે.

વર્ષાઋતુમાં વાતાવરણના પ્રભાવના કારણે સ્વાભાવિકરૂપે આપણી ભોજનને પચાવવાની ક્ષમતા મંદ પડી જાય છે. આ મંદ પાચનશક્તિને કારણે અજીર્ણ, તાવ, વાયુદોષનો પ્રકોપ, શરદી, ખાંસી, પેટના રોગ, કબજિયાત, અતિસાર, સંધિવા વગેરે રોગો થવાની સંભાવના છે. આથી જ ચોમાસાની સીઝનમાં ખાન-પાનમાં ધ્યાન રાખવું ખુબ જ જરૂરી છે.

આ રોગોથી બચવા માટે તથા પેટની પાચક શક્તિ અગ્નિને સંભાળવા માટે આયુર્વેદ અનુસાર હલકું ભોજન અને ઓછી માત્રામાં ભોજન કરવું એ જ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક રહે છે.

જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો આ પાંચ માસમાં વરસાદ ચાલુ હોય તે દરમિયાન ખાવાપીવામાં ફેરફાર ન કરવામાં આવે તો વાયુ અને પિત્તના રોગો થવાની સંભાવના વધી જાય છે. આગલા ત્રણ માસમાં વાયુના તો પાછલા બે માસમાં પિત્તના રોગો થાય છે.

### વર્ષાઋતુમાં શરીરની તંદુરસ્તી સાચવવાના ઉપાયઃ

- પ્રથમ તો, આપણી ડાયજેસ્ટિવ સિસ્ટમ કઈ રીતે કામ કરે છે તે જાણવું અગત્યનું છે. આપણે જે આહાર પસંદ કરીએ તેની ગુણવત્તા અને જથ્થાને સમજવું મહત્ત્વનું છે.
- ઓછું ખાવ પણ વધારે વાર ખાવ જેથી એનર્જી લેવલ ઘટી ન જાય અને ખોટો આહાર ખાવાથી બચી શકો.
- શરીરને સ્વચ્છતાથી તંદુરસ્ત રાખો. એનો અર્થ એ કે નખ, અંગૂઠા, કોણીના સાંધા વગેરે (જ્યાં સૌથી વધારે પરસેવો થતો હોય તે બધી જગ્યા)ને સ્વચ્છ અને કોરી રાખવી.

### વર્ષાઋતુમાં આહારઃ

વર્ષાઋતુમાં વરસાદ પડવાથી તથા આકાશમાં વાદળાં ઘેરાયેલા હોવાથી લીલા શાક સૂર્યપ્રકાશ ઓછો મળવાના કારણે પિત્ત કરનારા અને પચવામાં ભારે બની જાય છે. ચણાની બનાવટો વાયુકારક હોવાથી ચણા, દાળિયા, ગાંઠિયા, ભજિયાથી દૂર રહેવું. આ ઋતુમાં મગફળી

નવી નવી આવે છે પણ તે પચવામાં ભારે, અગ્નિ મંદ કરનારી અને ચામડીના રોગો કરનારી હોવાથી વધુ ખાવી ન જોઈએ .

આ ઋતુમાં વાયુ વધતો હોવાથી તેને ઘટાડવા ખાટો અને ખારો રસ છૂટથી ખાવો જોઈએ. સિંધવ મીઠું, લીંબુ, આમલી, આમળા, ટામેટા, છાસ, અથાણા, ચટણી વગેરે જરૂરી માત્રામાં ખાઈ શકાય. મધુર આહાર પણ વાયુનો નાશ કરે છે. તેથી ગોળ, ઘી, ઘઉં, ચોખા, તલ, તલનું તેલ, કેળાં, સૂકો મેવો, મીઠાઈઓ માફક આવે અને પચે એ રીતે ખાઈ શકાય. ચોમાસામાં ભેજને કારણે અને વાયુ વધી જવાથી મોટે ભાગે જઠરાગ્નિ મંદ પડી જતો હોય છે. જેથી ખોરાક ગરમ ગરમ અને હળવો લેવો.રાંધેલું જ ખાવું તથા બહુ વધારે જમવું નહિ. વાયુનો ગુણ (સ્વભાવ) રુક્ષ, લઘુ, શીત હોવાથી તેનાથી વિરુદ્ધ ગુણવાળો એટલે સ્નિગ્ધ તેલ વાળો, ભારે તથા ગરમ ખોરાક લેવો જોઈએ. તલનું કે સરસવનું તેલ, ઘી, ઘઉં, દ્રાક્ષ, ગોળ વગેરે લેવા જોઈએ.

આપણે વરસાદ પહેલાં વાતાવરણમાં થતો ફેરફાર જોઈ શકીએ છીએ, જેમકે બહુ જ બફારો થવાથી ત્વચા ચીકણી થઈ જાય છે અને આપણી પાચનક્રિયા મંદ પડી જાય છે. સામાન્ય રીતે ચોમાસામાં પાચનક્ષમતા (ડાયજેશન કેપેસિટી) ધીમી થઈ જાય છે અને ખોરાક બરાબર પચતો નથી. એટલે, આપણે માટે એ જાણવું જરૂરી છે કે આ મોસમમાં ખરેખર શું શું ખાવું જોઈએ.

ચોમાસુ એવી ઋતુ છે જે આપણને બધાંને સૌથી વધારે ગમે છે. મઝાની સાથે સાથે, એમાં સૌથી વધારે જીવજંતુઓ-બેક્ટેરિયા ફાલે છે જેનાથી વાઈરલ ઈન્ફેક્શન, ડાયેરિયા, અપચાની તકલીફો, ફ્લુ અને કફ વગેરે થાય છે. એટલે આપણે માટે આપણી ઈમ્યુનિટીનું સ્તર વધારવું અગત્યનું બની રહે છે. ભલે આપણે હેલ્ધી ડાયેટ ખાતા હોઈએ, પણ એ વધુ અગત્યનું છે કે જે ખોરાક ચોમાસામાં ખાવાનો હોય તેની પસંદગી કરવી જેથી બીમારી ન આવે.

ચોમાસાની ઋતુમાં ફળો વધુ ખાવા હિતાવહ છે જેથી એનર્જી રિસ્ટોર થાય. ફળોમાં પેર, સફરજન, દાડમ, કિવી વગેરે ખાઈ શકાય. મોસમી ફળો (સિઝનલ ફ્રૂટ્સ) પસંદ કરવાં.

- આખો દિવસ પૂરતું પાણી પીઓ.
- દૂધી, ગલકાં, તૂરિયાં વગેરે જેવાં પચવામાં હલકાં અને જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય તેવાં શાકભાજી વધારે ખાવાં.
- કાચાં શાકભાજી એક્ટિવ બેક્ટેરિયા અને વાયરસ ધરાવતાં હોઈ બેક્ટેરિયલ અને વાયરલ ઇન્ફેક્શન ફેલાવનાર હોવાથી કાચાં કરતાં બાફેલાં શાકભાજી ખાવાં.
- રોજ એક બાઉલ ગરમ હેલ્ધી સૂપ લેવો. કોઈ પણ શાકભાજી મિક્સ કરો અને દિવસમાં એક વાર સૂપ લો. હેલ્ધી સૂપ્સમાં વિવિધ પોષક તત્ત્વો હોય છે જેનાથી ચોક્કસપણે શરીરની ઈમ્યુન સિસ્ટમમાં વધારો થાય છે અને તે શરીરને ફ્લુથી દૂર રાખે છે.
- આ સિઝનમાં લીમડો, કારેલાં જેવી કડવી ચીજો ખાવાનું રાખો, જેથી સ્કિન ઈન્ફેક્શન્સ અને એલર્જીસથી બચી શકાય. આ અદ્ભુત ઉપાયથી તમામ પ્રકારનાં સ્કિન ઈન્ફેક્શન્સથી દૂર રહી શકાય છે.
- હંમેશાં શાકભાજી ચાલુ પાણીમાં વ્યવસ્થિત રીતે ધોવાં અને ખાસ તો જો કાચાં ખાવાનાં હોય તો તેમને કોરાં કરી લેવાં.

**પ્રાથમિક હર્બલ ઉપચારઃ**

- ભારતીય વનસ્પતિઓ જેમ કે આદુ, તુલસી, ફૂદીનો, મરી, લેમનગ્રાસ, મધ વગેરેથી બનેલ હર્બલ ટીનો વધારે ઉપયોગ કરો. વધુ પડતાં ચા-કોફીથી શરીરનું પાણી ચૂસાઈ જાય છે (ડીહાઈડ્રેટ થાય છે) એટલે ઓછા પ્રમાણમાં લેવાં જોઈએ.
- હળદર એ એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણધર્મ તરીકે કામ કરે છે. આ મેજિકલ હર્બ રોજ રાત્રે ગરમ દૂધમાં નાંખીને પીવાનો પ્રયાસ કરો. રાત્રે શક્ય તેટલા જલદી જમી લેવાનું રાખો.

- કાચા લસણથી શરીરની ઈમ્યુનિટી વધે છે. શાકના સૂપમાં લસણ ઉમેરી શકાય.

**વર્ષાઋતુમાં નીચે વર્ણવેલ બાબતનું ધ્યાન રાખવુંઃ**

- અતિશય મસાલેદાર, ભારે મેંદાવાળો ખોરાક જેમ કે પાંઉભાજી, પિત્ઝા, રસગુલ્લા, દાબેલી વગેરે ન ખાવાં.
- બહારના ભોજનને ના પાડવી.
- વાસી ખોરાકમાં અત્યારનાં ઓવન અને પેકિંગના જમાનામાં વાસી ખોરાકને ઓળખવો મુશ્કેલ છે, માટે થોડા સજાગ રહીને વાસી ખોરાકને અને તેના દ્વારા Toxinsને તમારા પેટમાં જતાં રોકો.
- પાણી ઉકાળીને પીવું.
- દિવસે ઊંઘવાથી જઠરાગ્નિ વધુ મંદ થાય છે અને પરિણામે દોષોનો પ્રકોપ ઝડપી બને છે.

પંચકર્મ ડિપાર્ટમેંટ, GJPIASR, New Vallabh Vidyanagar

॥ વિદ્યાવૃત્ત ॥

## એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં જીનેટિક્સ વિભાગ દ્વારા વેબીનાર યોજાયો

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરની એરિબાસ કોલેજ અને શ્રી નીલકંઠેશ્વર ગવર્નમેંટ પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ, ખંડવા (મધ્યપ્રદેશ)નાં સંયુક્ત ઉપક્રમે ડિપાર્ટમેંટ ઓફ જીનેટિક્સ દ્વારા વેબીનાર યોજવામાં આવ્યો હતો, જેનો વિષય મોલેક્યુલર માર્કર્સઃ અ ટૂલ ફોર એક્સ્પ્લોરિંગ  જીનેટિક્સ ડાવેર્સિટી ઈન મેડિસિનલ પ્લાન્ટ્સ હતો અને તે અંગેની વિસ્તૃત ચર્ચા ડૉ. સુનિલ ખ્રિસ્તી દ્વારા કરવામાં આવી હતી. આ અંગેનો ટેક્નિકલ સપોર્ટ ડૉ. ખુશાલ પટેલ દ્વારા પુરો પાડવામાં આવ્યો હતો. ઓનલાઈન વેબીનારમાં મધ્યપ્રદેશ (૦૪), કેન્દ્ર શાસિત પ્રદેશ, ગુજરાત (૦૩) અને ગુજરાત (૦૯) કોલેજોમાં અભ્યાસ કરતાં એવાં ૧૯૬ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ગૂગલ મીટ અને યૂટ્યૂબના માધ્યમ દ્વારા ઉત્સાહથી ભાગ લીધો હતો. વેબીનારનું આયોજન સંસ્થાના ઈનચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ તેમજ ડિપાર્ટમેંટ ઓફ જીનેટિક્સનાં હેડ ડૉ. જેનાભાઇ ચૌહાણના માર્ગદર્શન મુજબ ડૉ. સુનિલ ખ્રિસ્તી અને ડૉ. શકુમ મિશ્રા (શ્રી નીલકંઠેશ્વર ગવર્નમેંટ પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ, ખંડવા) દ્વારા કરવામાં આવ્યું હતું.

॥ વિદ્યાવૃત્ત ॥

## એરીબાસ બાયોટેકનોલોજી કૉલેજમાં ઓનલાઈન વુમેન એંટર્પ્રિન્યરશિપ ડેવલપમેંટ પ્રોગ્રામ યોજાયો

ભારત સરકારના નેશનલ સાયન્સ એન્ડ ટેકનોલોજી એંટર્પ્રિન્યરશિપ ડેવલપમેંટ બોર્ડ દ્વારા પ્રાયોજિત ઓનલાઇન વુમેન એંટર્પ્રિન્યરશિપ ડેવલપમેંટ પ્રોગ્રામનું આયોજન ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી એરિબાસ કોલેજ અને રૂરલ ડેવેલોપેમેંટ ફાઉંડેશન, આણંદના સંયુક્ત ઉપક્રમે ૨૫ દિવસીય સુધી ચાલનાર કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ડૉ. પી. એમ. ઉદાણી સાહેબે પોતાનાં વ્યકતવ્યમાં જણાવ્યું કે આજનાં યુગમાં દરેક વિદ્યાર્થીની સારામાં સારો અભ્યાસ કરી એક સફળ ઉદ્યોગ સાહસિક બની દેશનું અને પોતાનાં પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. ડૉ. ભક્તિ બાજપાઈ (ઈનચાર્જ હેડ, એરીબાસ) મેડમે બાયોટેકનોલોજી ક્ષેત્રે એંટર્પ્રિન્યરશિપ ડેવલપમેંટ અંગેની જાણકારી પોતાનાં સ્વાગત વ્યક્તવ્યમાં સૌને પૂરી પાડી હતી. પ્રોગ્રામ માટેની જરૂરી સગવડ પૂરી પાડવા બદલ એંજિનીયર શ્રી ભીખુભાઈ બી પટેલ (ચેરમેન, સી.વી.એમ.યુ), શ્રી મનીષભાઈ પટેલ વાઈસ પ્રેસિડેન્ટ (સી.વી.એમ.યુ) અને ડૉ. પી. એમ. ઉદાણી (ડાયરેક્ટર જનરલ, સી.વી.એમ.યુ) સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જુદાં-જુદાં તજજ્ઞોએ પોતાનાં વ્યક્તવ રજૂ કર્યા હતાં જેમાં ડૉ. ચંદ્રમૌલી પાઠક (ઈન્ટરનેશનલ એક્સપર્ટ ઓફ એંટર્પ્રિન્યરશિપ) દ્વારા એમપાવરરિંગ વુમેન એંટર્પ્રિન્યરશિપ, ડૉ. કૃતિ પટેલ (ડાયરેક્ટર, શિ એન્ડ વુમેન, એંટર્પ્રિન્યરશિપ ફાઉંડેશન) દ્વારા સોશિયલ વુમન એન્ટ્રેપ્રેનેર્સ એક્સપિરિયન્સ અંગેની ચર્ચા કરી હતી. શ્રી પદમીન બુચ (પૂર્વ-એમ.ડી, જીટકો) સાહેબે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા બાદ મહિલા કયાં કયાં ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતા હાંસલ કરી શકે તેની વિસ્તૃત ચર્ચા ગુજરાત રાજ્યની અલગ અલગ કૉલેજોમાં અભ્યાસ કરતી ૮૦થી વધુ વિદ્યાર્થિનીઓ સાથે કરી હતી. શ્રી પ્રણય શુક્લા (પ્રોગ્રામ ડાયરેક્ટર, રૂરલ ડેવલપમેંટ ફાઉંડેશન, આણંદ) એ ગ્રામીણ વિકાસ અંગેની બાબતોની જાણકારી આપી હતી. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ નારોલકર અને તેમની ટીમના સભ્યો ડૉ. સુનિલ, ડૉ. નિશા, ડૉ. આરીફખાન અને ડૉ. ખુશાલ પટેલનાં સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે. અંતમાં ઓનલાઈન હાજર રહેલાં મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા રજૂ કરાયેલાં પ્રશ્નો અને તેનાં ઉકેલો અંગેની ચર્ચા ડૉ. ચંદ્રમૌલિ પાઠક (માઇક્રોલેબ એન્ડ ટ્રેનિંગ એક્સપેક્ટેશન્સ) દ્વારા કરવામાં આવી હતી.

## સાયકલ દિવસ મુબારક!

વિજય ભટ્ટ



બાળપણમાં વલ્લભ વિદ્યાનગરમાં ઉછેર દરમ્યાન સૌથી વહાલું કશુંક હોય તો તે અમારી વહાલી રેલે સાયકલ! અમારા કુટુંબનું તે એકમાત્ર વાહન, વર્ષો સુધી.

રેલે જેન્ટ્સ સાયકલ ૨૨''ની. એટલે કે ૨૨'' સાઈઝની. તે ૨૦'', ૨૨'', ૨૪'' વગેરે સાઈઝમાં આવે. અમારી ૨૨''ની હતી. તદ્દન નવી લીધેલી. જ્યારે બચુભાઈએ લીધી ત્યારે ઘરમાં ઉત્સવ થયેલો. વેઢમી બનેલી. બસ હવે તો મમ્મીને પણ લેડીઝ સાયકલ ભાડે લાવીને શીખવીશું ને પછી લેડીઝ સાયકલ પણ ખરીદશું. જેથી તેને સ્કૂલમાં છેક આણંદ સુધી ચાલતાં ન જવું પડે. બચુભાઈ એટલે અમારા પિતાજી. તેમનું હુલામણું નામ બચુભાઈ, એટલે અમે પણ એ જ સાંભળતા ઊછર્યા, તેથી અમે બંને ભાઈઓ પણ પિતાજીને બચુભાઈ જ કહેતા. અમારા મમ્મી પણ.

અમારી સાયકલમાં સરસ રીતે મેળવેલો ઘંટડીનો સૂર હતો. કાળી ૪નો પંચમ. એકદમ શુદ્ધ સ્વર. આજે પણ દૂરથી સાંભળું તો કહી દઉં કે આ મારી સાયકલની ઘંટડી વાગી. કેટલાક બેટરીથી ચાલતો બેલ મુકાવે, કેટલાક પાસે રબરનો બોલ જેવો હોર્ન હોય. હજી આજે પણ હું ઓળખી આપું અમારા એ દૂધવાળાનો ભામપુ ભમપુ હોર્ન, વળી ધોબીનો હોર્ન, છાપાવાળાની ઘંટડી અને પેલા ખૂબ જ કાર્યરત ટપાલીની સાયકલની ઘંટડી તો કેમ ભૂલાય? કેટકેટલી રાહ જોઈ હતી તેની સાયકલની. તે આગળના બિલ્ડીંગમાં ટપાલ આપવા ઉપર ગયો છે તે તેની સાયકલ અને તેની ઘંટડી પરથી જાણતા. સામાન્ય સાયકલની સીટ જરા સાદી અને કડક હોય. દસ રૂપિયા વધારે ખર્ચો તો પોચી ગાદી વાળી સીટ. વળી, દોસ્તોમાં માન વધે તે નફામાં. વળી વધુ ખર્ચો તો હેન્ડલ આગળ બાળકને બેસવાની બાસ્કેટ પણ મળે, નહીં તો બાળક આગળના વચ્ચેના સળિયા ઉપર હેન્ડલ પકડીને બેસે. જોકે પ્રેમી પંખીડા આ આગળના સળિયાનો જ લાભ લે. પ્રેમિકાને આગળ સળિયા પર બેસાડે. સામાજિક રીતે બહુ સારું ન ગણાય, છતાં તેમ કરે.

અમારી સાયકલનો એક પ્રોબ્લેમ એ હતો કે તેની ચેન ઊતરી જતી, વારંવાર. તેને વારે ઘડીએ પાછી ચઢાવવી પડે. હાથ ગંદા થાય. એક અશ્વિન બાંડિયો હતો, તેની સાયકલને ફુલ ચેન કવર હતું. તેથી ચેન બગડી નહીં. 'ફુલ ચેન કવર થોડું મોંઘું પડે', એમ બચુભાઈ કહેતા.

મારી સાયકલની સૌથી અગત્યની ગમતી અને યાદ હોય તેવી બાબત તો તેનું પાછળનું કેરિયર. આ કેરિયર એટલે ગૃહિણીને આદરપૂર્વક સાયકલ પર પેસેન્જર તરીકે બેસાડવાનું સિંહાસન. થોડું મોટું બાળક હોય તો તે આગળ કહ્યું તેમ પેલા આગળના બાર ઉપર બેસે અને બહુ નાનું બાળક કેરિયર પર બેઠેલી ગૃહિણીના ખોળામાં સુરક્ષિત. આ લ્યો રવિવારની બપોર અને આખું કુટુંબ સાયકલ પર બેસીને વલ્લભ વિદ્યાનગરથી ત્રણ કિલોમીટર દૂર આણંદ ચાલ્યું. થોડી મોજ, થોડી ખરીદી અને જવલ્લે ગોપાલ ટોકીઝમાં એકાદ પિક્ચર જોઈ સાંજે અંધારા પછી પાછા.

અરે, હું એ તો ભૂલી જ ગયો, પેલો ડાયનેમો. એક નાની બાટલી જેવો લાગતો. તે પાછળના ટાયરને લીધે ગોળ ગોળ ફરે અને ઈલેક્ટ્રિસિટિ પેદા કરે. તેનો વાયર આગળની સરસ સફેદ લાઈટ અને પાછળની લાલ લાઈટ પણ કરે. રાત્રે જ્યારે અંધારું હોય ત્યારે પાછળથી આવતાં વાહનને પાછલી લાઈટ દેખાય અને આગળ સહેજ પ્રકાશ આપે. ખાસ નહીં તો પણ રાત્રે એ લાઈટ બહુ ગમતી.


ISSN 0976 – 9609

અમારી સાયકલ એટલે... ઘરના એક વ્યક્તિ જેટલી જ વહાલી અને અગત્યની. પણ કોક કોક વાર પંચર પડે ત્યારે કંટાળો આવે. જાતે હાથથી દોરીને છેક ગણેશ સાયકલ સ્ટોરે લઈ જવી પડે, નાના બજાર સુધી. પચાસ પૈસા થાય રિપેર કરવાના અને તે પણ પેલો ટેણિયો બીઝી ના હોય તો. નહિ તો રૂપિયો લે અને કલાક બેસાડી રાખે અને પછી જ કરે. ટાયરમાં હવા ચેક કરવી અને ભરવી એ રોજનો ક્રમ. અને કટકટ. ઘરમાં અમે બંને ભાઈને એમ હોય કે બીજો હવા પૂરી આવે, કારણ જો બહુ ઓછી હવા હોય તો હવા પુરાવવા ચાલતા જવું પડે છેક ગણેશ સાયકલ સ્ટોરે. કેટલાકને ઘરે હાથ પમ્પ હોય, અમારી પાસે ન હતો.

હજી યાદ છે પેલું કેરિયર. કેટલું ઉપયોગી હતું! ગેસનો બાટલો, ઘઉંના કોથળા, સ્કૂલની ચોપડીઓ, પેપરની પસ્તી, ઘઉં દળવા ઘંટી સુધી સાયકલના આ કેરિયર પર જ લઈ જતો. કેટલીયે વાર મિત્રો તે કેરિયર પર બેઠેલા. ડબલ સવારી! માત્ર ૨ ફૂટ બાય પોણો ફૂટનું કેરિયર મારી આજની ટોયોટાની ડીકી (ટ્રન્ક) કરતાં વધારે ઉપયોગી હતું.

એ સાયકલને લીધે રોજ સરસ કસરત થતી. કદી પેટ્રોલના ભાવની ચિંતા કે કલ્પના ન હતી. અને હા, સૌથી મજા દશેરાને દિવસે આવતી. સરસ હાર, કંકુ ચોખા ચઢાવતા અને નાળિયેર ફોડતા આ અમારી સાયકલને બિરદાવતા અને આશિષ માંગતા. એ સાયકલ અમારું બોઈંગ ૭૪૭ હતું!

તું ક્યાં છે મારા બાળપણની એક માત્ર ભૌતિક નિશાની? મારી વહાલી સાયકલ?

Email : vijaybhatt01@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## CVMUની ADIT અને GCET કૉલેજોમાં AICTEના સહયોગથી રૂા.૧.૧૦ કરોડની ગ્રાન્ટથી 'આઈડીયા લેબ' સ્થપાશે

CVM યુનિ.ની ન્યૂ વિદ્યાનગર સ્થિત ADIT એન્જિનીયરિંગ કૉલેજ તથા વલ્લભ વિદ્યાનગર સ્થિત GCET એન્જિનીયરિંગ કૉલેજમાં AICTEના સહયોગથી રૂા.૧.૧૦ કરોડની ગ્રાન્ટ 'આઈડીયા લેબ' માટે ફાળવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતભરમાંથી ૪૯ જેટલી કોલેજોને જ AICTE દ્વારા 'આઈડીયા લેબ'માટે ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે જેમાં ગુજરાતમાંથી પસંદ થયેલ માત્ર આ બે કોલેજોમાં 'આઈડીયા લેબ' સ્થપાશે. આ લેબનો મુખ્ય હેતુ સાતત્યપૂર્ણ તકનીકી અને આર્થિક વિકાસ માટે ઈનોવેશન અને સ્ટાર્ટઅપને ઉત્તેજન મળે તે માટે એક ઈકો સીસ્ટમ સ્થાપિત કરવાનો છે. સ્કુલ, ડિપ્લોમા, ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ અને Ph.Dના વિદ્યાર્થીઓને અભ્યાસ અને સંશોધન માટે આધુનિક ઉપકરણો પુરા પાડી શકાય તથા સ્ટાર્ટ અપ, ઈનોવેશન, એન્ટરપ્રિનરશીપ ક્ષેત્રે રોજગારીની પણ વિપુલ તકો ઊભી થાય તેવી સંભાવનાઓ છે.

ADIT કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ તથા GCET કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. હિમાંશુ સોનીના જણાવ્યા મુજબ આ લેબમાં ઈલેક્ટ્રિક વેહિકલ ડેવલોપમેન્ટ, સુપર હાઈસ્પીડ કમ્પ્યુટર વર્ક સ્ટેશન, 3D પ્રિન્ટર, હાઈ ડેફિનેશન ડિજિટલ માઈક્રોસ્કોપ, સ્પેક્ટ્રમ એનાલાયઝર, ડ્રોન ડેવલોપમેન્ટ કીટ, આધુનિક મોટર વાઈન્ડિંગ, જેવા ઉપકરણોની સગવડતા ઊભી કરવામાં આવશે, જેના થકી સ્ટાર્ટ અપ અને ઉદ્યોગ સાહસિકોને પણ લાભ મળશે.

AICTEની આ યોજનામાં પસંદગી પામીને ADIT અને GCET કૉલેજે સમગ્ર ગુજરાત અને ચરોતર પ્રદેશનું ગૌરવ વધારેલ છે. આ ઉલ્લેખનીય સિદ્ધિ બદલ સી.વી.એમ.ના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારોએ સંસ્થાઓના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ તથા ડૉ. હિમાંશુ સોની અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને AICTEનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ટેનિસ સામ્રાજ્ઞીઃ સ્ટેફી ગ્રાફ

પી.ડી.શર્મા



દરેક રમતમાં અકલ્પનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર અમર ખેલાડીઓ થઈ ગયા છે. દા.ત. એથ્લેટિક્સમાં જેસી ઓવેન્સ, બાસ્કેટબોલમાં માઈકલ જોર્ડન, ફૂટબોલમાં પેલે, હૉકીમાં ધ્યાનચંદ, ક્રિકેટમાં ડોનાલ્ડ બ્રેડમેન, સ્વિમિંગમાં માઈકલ ફેલ્પ્સ, વગેરે. આ રીતે જ ટેનિસમાં જર્મનીની સ્ટેફી ગ્રાફે ૨૨ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ અને ૧૯૮૮માં વિશ્વમાં પ્રથમ 'ગોલ્ડન ગર્લ ઓફ ટેનિસ' સુધીની સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એટલે જ્યારે ૧૩ ઓગસ્ટ, ૧૯૯૯ના રોજ સ્ટેફી ગ્રાફે ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ત્યારે વિશ્વના લાખો ટેનિસપ્રેમી અવાક થઈ ગયા હતા. જે મહિલા ખેલાડીએ ટેનિસ જગતમાં ૧૭ વર્ષ સુધી ટેનિસના મેદાન પર એકધારું રાજ્ય કર્યું હોય તે નિવૃત્ત થાય તો દરેક ટેનિસપ્રેમીને દુ:ખ થાય તે સ્વાભાવિક વાત છે.

### ટેનિસ કુટુંબમાં જન્મઃ

ટેનિસ જગતની મહારાણી મહિલા ખેલાડી સ્ટેફી ગ્રાફનો જન્મ પશ્ચિમ જર્મનીના બ્રુદેલ ખાતે ૧૪મી જૂન, ૧૯૬૯માં થયો હતો. સ્ટેફીના માતાપિતા ટેનિસના સારા ખેલાડી હતા અને આ રીતે ગળથૂથીમાં જ તેને ટેનિસની રમત ભેટ મળી હતી! માત્ર ત્રણ વર્ષ અને નવ માસની ઉંમરે સ્ટેફીએ રૅકેટ હાથમાં પકડ્યું હતું અને પાંચ વર્ષની વયે ટેનિસ કોર્ટ પર રીતસર રમવા લાગી હતી. આઠ વર્ષની ઉંમરે તેઓએ 'શાળાકીય સ્પર્ધાઓ'માં ભાગ લેવાની શરૂઆત કરી હતી. સ્ટેફી ગ્રાફ ટેનિસની ખૂબ જ સારી ખેલાડી બને તેની તેમના પિતાશ્રીની અદમ્ય ઇચ્છા હતી.

### ૧૩ વર્ષની વયે રેન્કિંગઃ

ટીન એજિંગના પ્રથમ વર્ષે જ સ્ટેફીએ 'જુનિયર જર્મન ચેમ્પિયનશીપ' મેળવી અને ૧૯૮૨માં જર્મન ટેનિસ એસોસિએશનને ૧૩ વર્ષની સ્વીટ ગોલ્ડન ગર્લ સ્ટેફીને રેન્કિંગ આપી! બસ ત્યારથી છેક ૮ જૂન, ૧૯૯૮ સુધી તે વિવિધ ક્રમે રેન્કિંગ મેળવતી રહી હતી.

### પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલઃ

જ્યારે મહિલા ટેનિસ જગતમાં ચશ્માધારી ઝેકોસ્લોવેકિયાની માર્ટિના નવરાતિલોવાની સંપૂર્ણ ઈજારાશાહી ચાલતી હતી, એ વખતે સામા પૂરે લડવાની તાકાત ધરાવતી ટીન એઈજર સ્ટેફીએ માર્ટિના નવરાતિલોવા નામના ભયંકર વાવાઝોડા સામે બાથ ભીડી હતી અને ૧૯૮૭માં પેરિસમાં રોનાલ્ડ ગેરોશે સેન્ટર કોર્ટ ખાતેની લાલ માટી ઉપર 'જર્મનીનો ધ્વજ' ફરકાવી દીધો હતો. આ કોઈ પણ રીતે સામાન્ય સિદ્ધિ ન ગણાય!

### ફ્રેન્ચ ઓપનથી ફ્રેન્ચ ઓપન સુધીઃ

૧૯૮૭ના ફ્રેન્ચ ઓપનથી ગ્રાન્ડ સ્લેમના ખિતાબથી વિજયયાત્રા શરૂ કરનાર સ્ટેફી ગ્રાફે ટેનિસ કારકિર્દીનો અંત પણ ૧૯૯૯માં ફ્રેન્ચ ઓપનના ખિતાબી વિજયથી જ કર્યો! સ્ટેફી ગ્રાફ માટે લાલ માટીવાળું પેરિસનું રોલાન્ડ ગોરાસ મેદાન ખૂબ જ નસીબવંતુ હતું. સ્ટેફીએ ૧૯૮૭, ૮૮, ૯૩, ૯૫, ૯૬ અને ૯૯માં ફ્રેન્ચ ઓપનના ખિતાબો કુલ છ વખત મેળવ્યા હતા.

### ૨૨ ગ્રાન્ડ સ્લેમના ખિતાબોઃ

'ગ્રાન્ડ સ્લેમ' ગણાતી ટેનિસની પ્રતિષ્ઠિત ચાર હરીફાઈઓ-ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપન તેણે વારંવાર જીતી હતી. ટેનિસ જગતમાં ગ્રાન્ડ સ્લેમની પ્રતિષ્ઠા 'ઓલિમ્પિક'


ISSN 0976 – 9609

જેટલી જ ગણાય. આ ચારેય સ્પર્ધાઓ દર વર્ષે યોજાય છે. બેશક ૨૪ વખત ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા જીતવાનો ઓસ્ટ્રેલિયાની માગરિટ કોર્ટનો રેકોર્ડ તે તોડી શકી ન હતી. છતાં પણ સ્ટેફીએ કુલ થઈને ૨૨ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલો જીત્યા હતા (જુઓ ટેબલ) આ પણ એક વિરલ સિદ્ધિ ગણાય. સ્ટેફીના ૨૨ ખિતાબોમાં ચાર ઓસ્ટ્રેલિયન ઓપન, છ ફ્રેન્ચ ઓપન ખિતાબો આવે છે. સ્ટેફી ગ્રાફે ૧૯૯૯માં જ્યારે ફ્રેન્ચ ઓપનનો ખિતાબ મેળવ્યો ત્યારે તેણે ખૂબ જ હર્ષનાદ વચ્ચે ફ્રેન્ચ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. 'ફ્રેન્ચ ઓપન'થી જ ગ્રાન્ડ સ્લેમની યાત્રા શરૂ કરનાર સ્ટેફીને ફ્રેન્ચ લોકોએ ખૂબ જ માન, ઉત્સાહ, આદર અને પ્રેમ આપ્યો છે, જે સ્ટેફી ગ્રાફ તેની જિંદગીમાં ક્યારેય ભૂલશે નહિ.

### એવરેસ્ટ શિખર જેવી સિદ્ધિઃ

ટેનિસ જગતમાં 'ગ્રાન્ડ સ્લેમ'નું એક પણ ટાઈટલ મેળવવું સામાન્ય બાબત નથી. જ્યારે કોઈ ખેલાડી એક જ વર્ષમાં ગ્રાન્ડ સ્લેમની ચાર હરીફાઈઓ, ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપન જીતી લે ત્યારે આ મહાન સિદ્ધિને ''ગ્રાન્ડ સ્લેમ સિદ્ધિ'' કહેવાય છે. ટેનિસ જગતની આ વિરલ સિદ્ધિ છે. અત્યાર સુધી ટેનિસ ઇતિહાસમાં ''ગ્રાન્ડ સ્લેમ''ના ચારેય ખિતાબો ચાર વખત જીતવાની અદ્‌ભુત એવરેસ્ટ શિખર જેવી સિદ્ધિ એકમાત્ર સ્ટેફી ગ્રાફ ધરાવે છે. ટેનિસ જગતમાં આ વિરલ સિદ્ધિ અત્યાર સુધીમાં સ્ટેફી ગ્રાફ સિવાય કોઈ પણ પુરુષ કે મહિલા ટેનિસ ખેલાડી પાસે નથી.

### ગોલ્ડન ઈયર-૧૯૮૮ઃ

સ્ટેફીના જીવનમાં સૌપ્રથમ 'ગોલ્ડન ઈયર-૧૯૮૮' રહ્યું હતું, જેને યાદ કરીને તે આજે પણ હર્ષ અનુભવે છે. ૧૯૮૮માં તેઓએ ગ્રાન્ડ સ્લેમના ચારેય ખિતાબો મેળવી વિશ્વની પાંચમી અને મહિલાઓની ત્રીજી સિદ્ધિવંત ખેલાડી બની હતી. આ સિદ્ધિને જોવા ૫૦ વર્ષ પૂર્વે ૧૯૩૮માં ગ્રાન્ડ સ્લેમ વિજેતા થનાર ડોનબ્રજ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે એટલે ૧૯૮૮માં સિઓલ ખાતે 'ઓલિમ્પિક્સ'માં ટેનિસમાં ગોલ્ડ મેડલ મેળવી સ્ટેફી ગ્રાફ વિશ્વની પ્રથમ 'ગોલ્ડ સ્લેમ ગર્લ' બની હતી. આજ દિન સુધી આ સિદ્ધિ મેળવનાર તેઓ વિશ્વની એકમાત્ર ટેનિસ ખેલાડી છે.

### સંઘર્ષપૂર્ણ જીવનઃ

સ્ટેફી ગ્રાફની સફળતાનું મુખ્ય જમા પાસું સંઘર્ષ-મુશ્કેલી-વિટંબણાઓનો હિંમતપૂર્વક સામનો કરવાનું રહ્યું છે. ઈજાઓ ઉપરાંત તેના માતાપિતાએ મોટી ઉંમરે છૂટાછેડા લેતાં તે ખૂબ જ ભાંગી પડી હતી. અનેક શારીરિક પીડાઓ અને માનસિક યાતનાઓ તેમજ તણાવ વચ્ચે સ્ટેફીએ દઢ આત્મબળ વડે ટેનિસ કોર્ટ પર વિજય ધ્વજ સાથે સફળ પુનરાગમન કર્યું હતું. ૧૯૯૯માં ફ્રેન્ચ ઓપનમાં સફળતા મળતા એમ લાગ્યું હતું કે આ સદીમાં સ્ટેફી ગ્રાફ ઓસ્ટ્રેલિયાની માગરિટ કોર્ટના સર્વશ્રેષ્ઠ ૨૪ ગ્રાન્ડ સ્લેમ ખિતાબોની બરાબરી કરી લેશે! પરંતુ ડાબા પગની માંસપેશીઓ ખેંચાઈ જતાં તેમજ વિમ્બલ્ડનમાં ફાઈનલ સુધી ઝઝૂમી તેઓએ ટેનિસ કોર્ટને અલવિદા કરી હતી.

### અમેરિકન ટેનિસ ખેલાડી સાથે લગ્નઃ

૨૦૦૧માં તેઓએ અમેરિકાના ખ્યાતનામ ટેનિસ ખેલાડી આન્દ્રે અગાસી સાથે લગ્ન કર્યા હતા. આજે બે બાળકો સાથે તેઓ અમેરિકામાં ખૂબ જ સફળ જીવન જીવી રહ્યા છે. નિવૃત્તિ પછી પણ તેઓ ટેનિસની રમતને પ્રોત્સાહન આપવા માટે કેટલીક 'બેનિફિટ મેચો' પણ રમતા રહ્યા છે. ટેનિસ ક્ષેત્રે કરેલ વિરલ કારકિર્દી બદલ તેઓને ૨૦૦૪માં 'આંતરરાષ્ટ્રીય હોલ ઓફ ફેમ'માં અને ૨૦૦૮માં 'જર્મન હોલ ઓફ ફેમ'માં પ્રતિષ્ઠિત સ્થાન આપવામાં આવ્યું છે. આજે પણ તેઓ ટેનિસ રમતના વિકાસ માટે કાયમ પ્રયત્નશીલ રહે છે અને તેથી જ ૨૦૧૫માં તેઓને 'જીન બોરોત્રા સ્પોર્ટસમેનશીપ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એટલું જ નહિ પણ ઘણા ટેનિસ નિષ્ણાતો સ્ટેફી ગ્રાફને ૨૦મી શતાબ્દીની 'સર્વશ્રેષ્ઠ મહિલા ટેનિસ ખેલાડી' પણ માને છે.

### સ્ટેફી ગ્રાફ દ્વારા મેળવેલ ગ્રાન્ડ સ્લેમઃ

નીચે ટેબલ-૧માં સ્ટેફી ગ્રાફ દ્વારા મેળવેલ ૨૨ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલની વિગત આપવામાં આવી છે. આશા છે કે આ વિગત દરેક વાચકને ખૂબ જ રસપ્રદ લાગશે.

### સ્ટેફી ગ્રાફે મેળવેલ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલની વર્ષવાર વિગત

| અ.નં. | વર્ષ | ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ |
|---|---|---|
| ૧ | ૧૯૮૭ | ફ્રેન્ચ ઓપન |
| ૨ | ૧૯૮૮ | ઓસ્ટ્રેલિયન ઓપન |
| ૩ | ૧૯૮૮ | ફ્રેન્ચ ઓપન |
| ૪ | ૧૯૮૮ | વિમ્બલ્ડન |
| ૫ | ૧૯૮૮ | યુએસ ઓપન |
| ૬ | ૧૯૮૯ | ઓસ્ટ્રેલિયન ઓપન |
| ૭ | ૧૯૮૯ | વિમ્બલ્ડન |
| ૮ | ૧૯૮૯ | યુએસ ઓપન |
| ૯ | ૧૯૯૦ | ઓસ્ટ્રેલિયન ઓપન |
| ૧૦ | ૧૯૯૧ | વિમ્બલ્ડન |
| ૧૧ | ૧૯૯૨ | વિમ્બલ્ડન |



| અ.નં. | વર્ષ | ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ |
|---|---|---|
| ૧૨ | ૧૯૯૩ | ફ્રેન્ચ ઓપન |
| ૧૩ | ૧૯૯૩ | વિમ્બલ્ડન |
| ૧૪ | ૧૯૯૩ | યુએસ ઓપન |
| ૧૫ | ૧૯૯૪ | ઓસ્ટ્રેલિયન ઓપન |
| ૧૬ | ૧૯૯૫ | ફ્રેન્ચ ઓપન |
| ૧૭ | ૧૯૯૫ | વિમ્બલ્ડન |
| ૧૮ | ૧૯૯૫ | યુએસ ઓપન |
| ૧૯ | ૧૯૯૬ | ફ્રેન્ચ ઓપન |
| ૨૦ | ૧૯૯૬ | વિમ્બલ્ડન |
| ૨૧ | ૧૯૯૬ | યુએસ ઓપન |
| ૨૨ | ૧૯૯૯ | ફ્રેન્ચ ઓપન |

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ
સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(ઘર) ૦૭૯-૨૬૫૬૪૬૫૦, મો.૯૮૯૯૮ ૭૦૮૪૦

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવિએમ યુનિવર્સિટી અને જીઆઈડીએમના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાના વર્ચ્યુઅલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન

સીવિએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના એનએસએસ વિભાગ અને ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેંટ (જીઆઈડીએમ), ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યૂથ એન્ડ કોવિડ-૧૯: બિલ્ડિંગ અ કલ્ચર ઑફ રેઝિલિઅન્સ વિષય પર રાજ્ય કક્ષાના વર્ચ્યુઅલ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટીઝના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં જીઆઈડીએમના પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. ચિંતન પાઠકે જીઆઈડીએમ અને તેની કામગીરી વિશે સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો જ્યારે સીવિએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કોઆર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપે ટ્રેનિંગ પ્રોગ્રામના આયોજન પાછળનો ઉદ્દેશ્ય જણાવ્યો હતો.

ત્યારબાદ ગુજરાતના ખ્યાતનામ પલ્મોનોલોજિસ્ટ ડૉ. પાર્થિવ મહેતાએ કોવિડ-૧૯ના સંદર્ભમાં કઈ બાબતોને જોખમી કહી શકાય અને એનએસએસ સ્વયંસેવકો કઈ રીતે કોવિડ-૧૯ સામેની લડતમાં પોતાનું યોગદાન આપી શકે તે વિશે સમજાવ્યું હતું. જીઆઈડીએમના ફેકલ્ટી શ્રી રિપોલ કાનજીએ આપત્તિ એટલે શું તેમજ આઉટબ્રેક, એપિડેમિક અને પેન્ડેમિક વચ્ચેનો ભેદ સમજાવતાં એક આપદાના સંદર્ભમાં કોવિડ-૧૯ મહામારી વિષય પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. જીઆઈડીએમના અન્ય ફેકલ્ટી ડૉ. અભિયંત તિવારીએ કોરોનાની બીજી લહેર વિશે કેસ સ્ટડી રજૂ કર્યો હતો. સાથોસાથ તેમણે પોલિસ, સિવિલ એડમિનિસ્ટ્રેશન ઓફિસ અને આરોગ્ય વિભાગ સાથે સંકલન સાધીને સમાજને કઈ રીતે મદદરૂપ થઈ શકાય તથા વર્તમાન મહામારીના સમયમાં માનસિક તણાવનું સમાયોજન કેવી રીતે થઈ શકે તે બાબતો પર પોતાના મંતવ્ય પ્રસ્તુત કર્યા હતા.

જીઆઈડીએમનાડાયરેક્ટર જનરલ શ્રી પી. કે. તનેજા, ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષ પટેલ, સેક્રેટરીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીઓ શ્રી મેહુલ પટેલ, શ્રી વિશાલ પટેલ, શ્રી આર. સી. તલાટી, સીવિએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. પી. એમ. ઉદાણી તેમજ રજિસ્ટ્રાર ઈનચાર્જ કુ. અગ્નેશ્વરી અઢિયાએ કાર્યક્રમના સફળ આયોજન બદલ પ્રા. કાર્તિક જગતાપ, ડૉ. ચિંતન પાઠક તેમજ ઓર્ગેનાઈઝિંગ કમિટીના સભ્યો ડૉ. તેજસ ઠક્કર, ડૉ. ધનંજય ધ્રુવ અને પ્રા. ધવલ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976 – 9609








વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક તથા ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલની ૧૩૩મી જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ અર્પણ હેતુ ભારત સરકારના પોસ્ટ વિભાગના સહયોગથી ચારુતર વિદ્યામંડળ દ્વારા સ્પેશ્યલ કવર રીલીઝ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂ.ભાઈકાકાના પ્રપૌત્ર અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળી લી.ના અધ્યક્ષ સર્વદમનભાઈ સી. પટેલ, આણંદ પોસ્ટ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ટી.એન. મલેક અને આસી. સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી દિપક પંચાલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ એસ. પટેલ, માનદ્ મંત્રીશ્રી એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશભાઈ સી. તલાટી, શ્રી મેહુલભાઈ ડી. પટેલ, શ્રી વિશાલભાઈ એચ. પટેલ, ચારુતર વિદ્યામંડળના કર્મચારીઓ, આણંદ તથા વલ્લભ વિદ્યાનગરના પોસ્ટ વિભાગના કર્મચારીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તસવીરમાં સ્પેશ્યલ કવર રીલીઝ કરતા મહાનુભાવો દશ્યમાન થાય છે.



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ.શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ (ભીખાભાઈ સાહેબ)ની જન્મજયંતિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે બીબીઆઈટી કોલેજ, ઈસ્કોન મંદિર સામે આવેલ પૂ.ભીખાભાઈ સાહેબની પ્રતિમાએ તા.૧૯-૬-૨૦૨૧ને શનિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો ઉપપ્રમુખશ્રી મનિષભાઈ એસ. પટેલ, માનદ્ મંત્રી ડૉ.એસ.જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ. પટેલ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ભીખાભાઈ સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**BOOK POST**
**July 2021**

**V-Vidyanagar 23 (7)**
**Published on 5/7/2021**
**No. of Pages 40 Including Cover**
**ISSN 0976 – 9609 V-Vidyanagar**

**Postal Regd. No. AND/318/2021-23**
**RNI Regd. No. Guj/2009-11/5433**
**Posted at Vallabh Vidyanagar on**
**5th of Every Month**



## Kalpana Chawla

1 July 1961 ~ 1 February 2003

Kalpana Chawla was an American astronaut and engineer, who was the first woman of Indian origin to go to space. She first flew on Space Shuttle Columbia in 1997 as a mission specialist and primary robotic arm operator. Her second flight was on STS-107, the final flight of Space Shuttle Columbia in 2003.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120